

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

### ઈઝરાયેલે ઈરાનના ગેસ મથકો સહિતના વિસ્તારોમાં કલ્સ્ટર બોમ્બથી હુમલા કર્યા

# યુદ્ધ વિરામના દાવા વચ્ચે ઈઝરાયેલના ઈરાન પર હુમલા

નવી દિલ્હી, તા. ૨૪

છેલ્લા ૨૫ દિવસથી ચાલી રહેલા મધ્ય પૂર્વના યુધ્ધમાં ગઈકાલે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નાટયાત્મક જાહેરાતમાં પાંચ દિવસ સુધી ઈરાનના વીજ મથકો અને અન્ય મહત્વના સ્થળો પર હુમલો નહી કરવાની અને બંને દેશો વાટાઘાટના માર્ગે હોવાની કરેલી જાહેરાત વચ્ચે પણ આજે યુધ્ધ ચાલુ જ રહ્યું છે અને વહેલી સવારે ઈઝરાયલએ ઈરાનના ગેસ મથકોને નિશાન બનાવ્યા હતા.

તો બીજી તરફ ઈરાને પણ ઈઝરાયલ પર યેરૂસલામ સહિતના સ્થળો પર હુમલો કરીને યુધ્ધવિરામના ટ્રમ્પની જાહેરાત સામે પ્રશ્ન ઉઠાવ્યો છે. ઈરાને બીજી તરફ ગઈકાલે જ ગલ્ફના દેશોને આપેલી ચેતવણી મુજબ જો તેમના પર ગલ્ફમાં રહેલા અમેરિકી સૈન્ય મથકોથી હુમલા થશે તો વળતો જવાબ અપાશે તેવી જાહેરાત કરી હતી. તેમાં આજે પણ ઈરાને કુવૈત પર ડ્રોન હુમલા ચાલુ રાખ્યા છે અને બહેરીન સહિતના વિસ્તારોમાં પણ વારંવાર હવાઈ હુમલાના સાયરન સતત વાગતા રહ્યા હતા.

ઈઝરાયલી સેનાએ આજે તેમના નાગરિકોને એક ચેતવણી આપીને ઈરાન તરફ મિસાઈલ હુમલા ચાલુ હોવાનું અને સુરક્ષીત રહેવા જણાવ્યું હતું. લગભગ એક કલાકમાં ત્રણ વખત ઈરાને ઈઝરાયલના યેરૂસલામ સહિતના વિસ્તારમાં મિસાઈલ હુમલા કર્યા હતા અને બીજી તરફ ઈઝરાયલે પણ લેબનનની રાજધાની બૈરૂતના દક્ષિણ વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. ઈઝરાયલની ડેવીડ સ્લીગ તરીકે ઓળખાતી એર ડિફેન્સ સિસ્ટમમાં ખામી સર્જાતા ઈરાનના બે બેલીસ્ટીક મિસાઈલને તે હવામાં રોકી શકી ન હતી અને દક્ષિણ ભાગમાં આ મિસાઈલ ખાબકતા અનેક ઈઝરાયલી નાગરિકો ઘાયલ થયા છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના કહેવાતા યુધ્ધ વિરામમાં એક તરફ ઈરાને સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યુ છે કે જો શાંતિ ઈચ્છતા હોય તો અમેરિકા અને ઈઝરાયલે હુમલા રોકવા જોઈએ.

ખાસ કરીને હોર્મુઝના જળમાર્ગ મુદ્દે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે

અનુસંધાન પાના ૭ પર

## બ્રિટનના યુદ્ધ જહાજ ભૂમધ્ય સાગર ભણી રવાના

### સાઉદી અરેબીયા અને યુએઈ પણ લશ્કરી તૈયારીમાં જોતરાયું

નવી દિલ્હી, તા. ૨૪

મધ્ય પૂર્વમાં અનિશ્ર્ચિત બની રહેલી પરિસ્થિતિ વચ્ચે બ્રિટને પણ તેના યુધ્ધ જહાજ એચએમએસ ડ્રેગનને પૂર્વીય ભૂમધ્ય સાગર ભણી રવાના કર્યુ છે. જયાં સાઈપ્રસ સહિતના વિસ્તારોમાં અગાઉ જે ઈરાને હુમલા કર્યા હતા ત્યાં સુરક્ષા હેતુસર આ જહાજને તૈનાત કરાશે. આ ઉપરાંત રોયલ એરફોર્સના ટાઈફુન અને એફ-૩૫ જેટ વિમાનોએ સાઈપ્રસ, જોર્ડન, કતાર અને બહેરીનમાં પોતાની સુરક્ષા ઉડાન ચાલુ રાખી છે.

અનુસંધાન પાના ૭ પર

## કોલંબિયામાં વાયુસેનાનું વિમાન તૂટી પડતા ૬૬ સૈનિકોનાં મોત

### દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં ૧૧૪ કોલંબિયન સૈનિકો અને ૧૧ ક્રૂ મેમ્બર સવાર હતા

નવી દિલ્હી, તા. ૨૪

કોલંબિયામાં સોમવારે એરફોર્સનું હર્ક્યુલસ C-૧૩૦ વિમાન ટેક-ઓફ દરમિયાન ક્રેશ થઈ ગયું. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૬૬ સૈનિકોના મોત થયા છે. જયારે, ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

ધ ગાર્ડિયન અનુસાર, કોલંબિયન વાયુસેનાના પ્રમુખ મેજર જનરલ કાર્લોસ ફર્નાન્ડો સિલ્વાએ જણાવ્યું કે વિમાનમાં ૧૧૪ સૈનિકો અને ૧૧ ક્રૂ મેમ્બર સવાર હતા. આ દુર્ઘટના પેરુ સરહદ નજીક દક્ષિણ એમેઝોન ક્ષેત્રના પ્યુઅર્ટો લેગુઈઝામોમાં થઈ હતી. રક્ષા મંત્રી પેડ્રો સાંચેઝે જણાવ્યું કે વિમાન રનવેથી લગભગ ૧.૫ કિલોમીટર દૂર જઈને પડ્યું.કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવ પેટ્રોએ સૈન્ય વિમાન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે આ એક ગંભીર દુર્ઘટના છે અને આશા વ્યક્ત કરી કે તેમાં કોઈનો જીવ ન ગયો હોય.પેટ્રોએ કહ્યું કે આવી ઘટના ન થવી જોઈતી હતી અને જવાનોની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું કે સરકાર સેનાને મજબૂત બનાવવા અને વધુ સારી સુવિધાઓ આપવા પર કામ કરી રહી છે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ન થાય.

પેટ્રોએ કહ્યું કે સેનાના હથિયારો અને સંસાધનોને આધુનિક બનાવવાનો નિર્ણય પહેલેથી જ લેવામાં આવ્યો છે, પરંતુ વહીવટી વિલંબને કારણે તેને લાગુ કરી શકાયો નથી.તેમણે ચેતવણી આપી કે જો નાગરિક કે સૈન્ય અધિકારીઓ આ પડકારને અનુરૂપ કામ નહીં કરી શકે, તો તેમને હટાવવામાં આવશે.રાષ્ટ્રપતિએ કહ્યું કે સેના માટે નવા હેલિકોપ્ટર, ટ્રાન્સપોર્ટ વિમાન

અનુસંધાન પાના ૭ પર

## ગુજરાત વિધાનસભામાં બપોરે યુસીસી બિલ રજૂ કરાશે

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગૃહમાં બિલ રજૂ કરશે પછી ચર્ચા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં જ ગુજરાત સરકારનેં ઝઝ કમિટીએ ફાઈનલ રિપોર્ટ સોંપ્યો હતો. મુખ્યમંત્રીના નિવાસ સ્થાને જ આ રિપોર્ટ સુપ્રત કરાયો હતો. હવે આ કાયદો બનવાની પ્રક્રિયા તેજ કરાઈ છે. વિધાનસભામાં આજે રાજ્ય સરકાર દ્વારા આ બિલ રજૂ કરવામાં આવશે.તાજેતરમાં જ ગુજરાત સરકારને ઝઝ કમિટીએ ફાઈનલ રિપોર્ટ સોંપ્યો હતો. મુખ્યમંત્રીના નિવાસ સ્થાને જ આ રિપોર્ટ સુપ્રત કરાયો હતો. હવે આ કાયદો બનવાની પ્રક્રિયા તેજ કરાઈ છે. વિધાનસભામાં આજે રાજ્ય સરકાર દ્વારા આ બિલ રજૂ કરવામાં આવશે. ભાજપના તમામ ધારાસભ્યોને ગૃહમાં હાજર રહેવા માટે સૂચનાઓ આપી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ બિલ રજૂ કરશે. આજે કૂલ ત્રણ સરકારી વિધેયક પર ચર્ચા અને મતદાન થશે.યુનિફોર્મ સિવિલ કોર્ડ બિલને આજે વિધાનસભામાં રજૂ કરવામાં આવશે. ભાજપના તમામ ધારાસભ્યોને વિધાનસભામાં હાજર રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. વિધાનસભાના સત્રનો આજે ૨૨મો દિવસ છે.

અનુસંધાન પાના ૭ પર

## વળતર ન મળે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે : ઈરાન

### તમામ આર્થિક પ્રતિબંધો હટાવવા સાથે અમેરિકા દખલ નહીં કરે તેની ગેરંટી પણ ઈરાને માંગી

નવી દિલ્હી, તા. ૨૪

ઈરાને કહ્યું છે કે તે વર્તમાન સંઘર્ષમાં પાછળ હટવાના નથી અને જ્યાં સુધી તેમને થયેલા નુકસાનની ભરપાઈ નહી મળે, ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે.

ઈરાની સુપ્રીમ લીડર મુજતબા ખામેનીના વરિષ્ઠ સૈન્ય સલાહકાર મોહસિન રઝાઈએ કહ્યું કે ઈરાનની શરતો સ્પષ્ટ છે, તમામ આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવે અને અમેરિકા તરફથી ભવિષ્યમાં કોઈપણ પ્રકારની દખલગીરી ન કરવાની નક્કર ગેરંટી આપવામાં આવે.

રઝાઈએ ટીવી પર જારી કરેલા પોતાના નિવેદનમાં કહ્યું કે ઈરાની સેના પૂરી તાકાતથી ઓપરેશન ચલાવી રહી છે અને દેશનું નેતૃત્વ નવા સુપ્રીમ લીડર હેઠળ મજબૂતીથી સ્થિતિ સંભાળી રહ્યું છે.આ પહેલા ઈરાની સંસદ અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલીબાફ પણ કહી ચૂક્યા છે કે દેશના લોકો હુમલાખોરોને પૂરી સજા આપવાની માગ કરી રહ્યા છે.મોહસિન રઝાઈએ કહ્યું કે આ યુદ્ધ એક અઠવાડિયાની અંદર જ સમાપ્ત થઈ શકતું હતું, પરંતુ ઈઝરાયલના કારણે તે ચાલુ રહ્યું.રઝાઈના મતે, અમેરિકા યુદ્ધવિરામ (સીઝફાયર) માટે તૈયાર હતું અને સંઘર્ષ સમાપ્ત કરવાની દિશામાં આગળ વધી રહ્યું હતું. જોકે, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હુમલા ચાલુ રાખવા પર ભાર મૂક્યો, જેના કારણે યુદ્ધ લાંબુ ચાલ્યું. તેમણે દાવો કર્યો કે યુદ્ધના ૧૫મા દિવસ પછી અમેરિકાને પણ સમજાઈ ગયું હતું કે આ સંઘર્ષમાં જીતનો કોઈ રસ્તો નથી.ટ્રમ્પે કહ્યું કે તેમના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથ સૌથી પહેલા ઈરાન વિરુદ્ધ લશ્કરી કાર્યવાહીના સમર્થનમાં સૌથી પહેલા સામે આવ્યા હતા. ટ્રમ્પના મતે, હેગસેથનું કહેવું હતું કે ઈરાનને પરમાણુ હથિયારો બનાવતા રોકવું જરૂરી છે, તેથી કાર્યવાહી કરવી જોઈએ.

આ યુદ્ધમાં સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથ સૌથી વધુ સામે દેખાઈ રહ્યા છે. તેમણે કહ્યું છે કે અમેરિકાનું લક્ષ્ય ઈરાનની મિસાઈલ, ડ્રોન અને નૌકાદળની તાકાતનો

અનુસંધાન પાના ૭ પર






# પૂર્વ ઝોન-એના વિવિધ વિસ્તારોની બાંધકામ સાઈડ પર મચ્છરોની તપાસ

**મચ્છરોની ઉત્પત્તિના સ્થાનો મળતા કોન્ટ્રાકટરો પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરાયા**

સુરત, તા.૨૪

અત્રેના પૂર્વ ઝોન-એ વરાછાના હદ વિસ્તારમાં પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા તા. ૧૬/૦૩/૨૦૨૬ થી ૨૧/૦૩/૨૦૨૬ સુધીમાં સર્વે કરાવવામાં આવેલ. જેમાં જુદા જુદા વિસ્તારો જેવા કે, ભગુનગર, ઈન્દીરાનગર, શ્રી રામનગર, સીતારામ નગર સોસાયટી, અર્જુન નગર કુલ ૬૫,૪૬૭ ઘરોનું સર્વે હાથ ધરવામાં આવેલ, જેમાં કુલ ૧,૧૪,૦૮૭ કંન્ટેનરોનું સર્વે કરવામાં આવેલ. જે પૈકી એનોફિલીસ ૨૬, એડીસ ૨૧૫, ક્યુલેક્ષ ૦૪, મિશ્ર ૨૬ એમ કુલ ૨૭૧ મચ્છરના ઉત્પતિ સ્થાનનો મળી આવેલ. જે મચ્છરના ઉત્પતિ સ્થાન નાશ કરવામાં આવેલ. મચ્છર ઉત્પતિ મળી આવેલ એવા ઈસમોને કુલ રૂ.૩૦૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને ૭૨ નોટીસ આપવામાં આવેલ. સાથે મચ્છર ઉત્પતિને રોકવા માટે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ, સાથે જુદા જુદા વિસ્તાર જેવાકે ખાડી મોહલ્લો, શ્રી રામ નગર, પારસી પંચાયત ઝુપડપટી, પટેલ નગર મચ્છર ઉત્પતિ થઈ શકે એવા કુલ ૨૨૫ પડતર સામાનો જપ્ત કરવામાં આવેલ.

અત્રેના ઝોનના હદ વિસ્તારમાં ચાલી રહેલ બાંધકામો જેવા કે જે.જે એસ્ટેટ, સીટકો, મેટ્રો પ્રોજેકટ, મોમાઈ પાર્ક, જેવા અલગ અલગ કુલ ૧૨૨ બાંધકામનું સર્વે કરાવવામાં આવેલ. જે મુજબ આરાધના ટેક્ષટાઈલ માર્કેટ, ખોડીયાર બિઝનેશ પાર્ક, જે.જે એસ્ટેટ જેવા બાંધકામોમાં ખામી મળતા કુલ રૂ.૪૫,૦૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ સાથે કુલ ૧૧ નોટીસ આપવામાં આવેલ છે. અત્રેના હદ વિસ્તારમાં આવેલ ખાનગી માલિકી ધરાવતા ખુલ્લા પ્લોટોનું સર્વે કરાવવામાં આવેલ જેમાં કુલ ૮૨ ખુલ્લા પ્લટો મળી

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લા પોલીસ તંત્રમાં પીઆઈ, પીએસઆઈની બદલી

## પોલીસ બેડામાં આંતરિક બદલીના આદેશ કરતા પોલીસ વડા રાજેશ ગઢીયા

સુરત, તા.૨૪

સુરત જિલ્લા માં આગામી સાથનિક સ્વરાજ ની ચૂંટણી અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ સુરત જિલ્લામાં પોલીસ અધિકારીઓની આંતરિક બદલીના આદેશ જારી કર્યા છે. સુરત જિલ્લામાં નવા પોલીસ મથક બનાવમાં આવ્યા હતા તેની સાથે સુરત જિલ્લામાં નવા મહેકમ મુજબ આ આદેશ અંતર્ગત ૬ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને બે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI)ની આંતરિક બદલીઓ કરવામાં આવી છે.જેના લઈને સુરત જિલ્લામાં કભી ખુશી કભી ગમ માહોલ જોવા મળ્યો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત જિલ્લા માં આગામી સાથનિક સ્વરાજ ની ચૂંટણી અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ જિલ્લામાં કાયદો વ્યવસ્થા વધુ સારી રીતે થાય તે હેતુ અને નવા પોલીસ સ્ટેશને મજૂરી મળતા નવા મહેકમ મુજબ ૬ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અને બે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI)ની આંતરિક બદલીઓ કરવામાં આવી છે જે નીચે મુજબ છે કામરેજ પોલીસ સ્ટેશનના PI એચ.આર. પઢીયારને માંગરોળ PI તરીકે નિયુક્ત કરાયા છે. માંગરોળ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એચ.એમ. સોલંકીને તડકેશ્વર પોલીસ સ્ટેશને બદલવામાં આવ્યા છે.

જ્યારે કામરેજના PI એ.ડી. ચાવડાને પાલોદ પોલીસ સ્ટેશનમાં PI તરીકે નિમણૂક આપવામાં આવી છે.સાયબર સેલના PI વી.એલ. ગાગીયાને કામરેજ પોલીસ મથકે મુકાયા છે. એસઓજી PI તરીકે ફરજ બજાવતા બી.જી. ઈશરાણીને બારડોલી ટાઉન પોલીસ સ્ટેશને નિમણૂક કરાઈ છે.લીવ રિઝર્વમાં રહેલા PSI બી.એન. જાદવની તડકેશ્વર પોલીસ સ્ટેશનમાt PSI તરીકે બદલી કરવામાં આવી છે. કોસંબા પોલીસ સ્ટેશને ફરજ બજાવતા PSI પી.એચ. કછવાહને પાલોદ પોલીસ સ્ટેશને PSI તરીકે બદલવામાં આવ્યા છેPI એમ.જે. રાઠોડને બારડોલી પોલીસ સ્ટેશનના વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. એલ.જી. રાઠોડને પેરોલ ફ્લાu PI સાથે એએચટીયુનો વધારાનો ચાર્જ સુપ્રત કરાયો છે. મહિલા પોલીસ સ્ટેશનના PI બી.ડી. શાહને આઈયુસીએડબ્લ્યુનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. PI એ.એસ. ચૌહાણને એસઓજી સાથે સાયબર સેલનો વધારાનો ચાર્જ અપાયો છે. PI કે.સી. પારગીને મહુવા પોલીસ સ્ટેશનથી આઈયુસીએડબ્લ્યુ યુનિટ ખાતેની બદલી રદ કરી અનાવલ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.ઉપરોક્ત બદલી પામેલા તમામ પોલીસ ઈન્સ્પેક્ટરોને કોઈપણ જાતની

રજા ભોગવ્યા સિવાય બદલીવાળી જગ્યાએ હાજર થઈ ચાર્જ સંભાળી લેવા આદેશ કરાયો છે.

# કતારગામ ઝોન દ્વારા મોટા પાયે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

**કિરણ હોસ્પિટલ ગોટાલાવાડી વગેરે વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ**

સુરત, તા.૨૪

માહે માર્ચ ૨૦૨૬ નોર્થઝોન (કતારગામ)માં કિરણ હોસ્પિટલ થી દીપુનો ટેકરાથી ટોરેન્ટ પાવર થી જૂની ઝોન ઓફીસ રોડ,ગોટાલાવાડી વોર્ડ વિસ્તાર ખાતે સફાઈ ઝુબેશ અંતર્ગત અહેવાલ.માનનીય કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરભરમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે આજરોજ નોર્થઝોન (કતારગામ)માં કિરણ હોસ્પિટલ થી દીપુનો ટેકરા થી ટોરેન્ટ પાવર થી જૂની ઝોન ઓફીસ રોડ, ગોટાલાવાડી વોર્ડ વિસ્તાર ખાતે સફાઈ ઝુબેશ અંતર્ગત ઓપરેશન હેલ્થકેર વિભાગ ધ્વારા સંયુક્ત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવેલ. જેમાં મા.ડે.કમિશ્નરશ્રી (ડી.) અને ઝોનલ ચીફ્શ્રી નોર્થઝોન(કતારગામ) હાજર રહેલ. આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ૧૬

અનુસંધાન પાના ૭ પર



# કામરેજ સુગરમાં ઈથેનોલની ભયાનક આગ પર સફળતાપુર્વક કાબુ મેળવાયો

**કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અગમચેતીના ભાગરૂપે ઓફ સાઈટ મોકડ્રીલ**

સુરત, તા.૨૪

કામરેજ અને પલસાણા પંથકના ઔદ્યોગિક એકમોની સલામતી અને આપત્તિ વ્યવસ્થાપન કેટલું સજ્જ છે, તેનો તાદ્રશ્ય નજારો નવી પારડી ખાતે જોવા મળ્યો હતો. કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ના ડિસ્ટિલરી વિભાગમાં જ્યારે ઈથેનોલના ટેન્કરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી, ત્યારે સમગ્ર વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું હતું. આ કોઈ વાસ્તવિક દુર્ઘટના નહોતી, પરંતુ લોકલ ક્રાઈસીસ ગ્રુપ (કામરેજ-પલસાણા) દ્વારા ઓફ-સાઈટ ઈમરજન્સી મોકડ્રીલ' યોજાઈ હતી. જેનો હેતુ મેજર એક્સિડન્ટ હેઝાર્ડસ (MAH) ધરાવતા એકમોમાં આકસ્મિક સમયે પરસ્પર સંકલન સાધીને સુરક્ષા કવચને વધુ મજબૂત કરવાનો હતો. ઘટનાની વિગત મુજબ સવારે ૧૧:૦૦ વાગે ઈથેનોલ ફીલિંગ દરમિયાન અચાનક આગ લાગતા ટેન્કર અને પ્લાન્ટ તેની ઝપેટમાં આવી ગયા હતા. ફેક્ટરીની આંતરિક સેફ્ટી ટીમ દ્વારા અથાગ પ્રયત્નો છતાં સ્થિતિ કાબુ બહાર જણાતા તાત્કાલિક 'ઓફ-સાઈટ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી. આ સંદેશ મળતા જ લોકલ ક્રાઈસીસ ગ્રુપના તમામ સભ્યો સક્રિય થયા અને ટૂંકા સમયમાં ફાયર બ્રિગેડ, પોલીસ કાફલો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમો, જીપીસીબી (GPCB)ના અધિકારીઓ અને આર.ટી.ઓ. સુરતની ટીમ ઘટનાસ્થળે આવી પહોચ્યા હતા. સંયુક્ત ઓપરેશન અને સચોટ સંકલન દ્વારા બપોરે ૧૧:૪૫ કલાકે આગ પર કાબુ મેળવાયો હતો. આ સમગ્ર કવાયતનું નેતૃત્વ કામરેજના નાયબ કલેક્ટર અને એસ.ડી.એમ. શ્રી વી.કે. પીપલીયા, મામલતદાર શ્રી આર.એસ. ઠાકોર અને શ્રી એમ.વી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર વતી પ્રાંત અધિકારીશ્રીએ કહ્યું કે, આવા આયોજનોથી ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા શ્રમિકો અને આસપાસના રહીશોમાં સુરક્ષા પ્રત્યે આત્મવિશ્વાસ વધે છે અને વાસ્તવિક આપત્તિ સમયે જાન-માલનું નુકસાન ન્યૂનતમ રાખવામાં મદદ મળે છે. ત્વરિત કાર્ય કરવાની ક્ષમતા કેટલી છે તે ખ્યાલ આવે છે. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર અને મદદનીશ નિયામક શ્રી ડી.એસ. ભુટકાએ આ મોકડ્રીલનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આવી મોકડ્રીલથી માત્ર સાધનોની જ નહી પરંતુ વિભાગો વચ્ચેની જવાબદારી અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાની પણ કસોટી થાય છે. અંતમાં, સુગર ફેક્ટરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ પટેલે તમામ એજન્સીઓનો આભાર માની, સુરક્ષા પ્રત્યેની આ સામૂહિક કટિબદ્ધતાને બિરદાવી હતી.

# રોટરી યુથ લીડરશીપ એવોર્ડ ૨૦૨૬ વિતરણ સમારંભ

**કાર્યક્રમમાં જુદા જુદા પ્રેરણાદાયી સેશન યોજાયા**

અંકલેશ્વર, તા.૨૪

રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ના રોજ "RYLA – Rotary Youth Leadership Awards ૨૦૨૬" કાર્યક્રમનું ભવ્ય આયોજન મા શારદા દેવી ભવન, SVM સ્કૂલ, દીવા રોડ ખાતે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૨ના કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રિયદર્શિની, જય અંબે, તક્ષશિલા અને જીફ્ફ સ્કૂલના વિદ્યાર્થીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોમાં લીડરશિપ, કમ્યુનિકેશન સ્કિલ્સ, આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારશક્તિનો વિકાસ કરવાનો રહ્યો હતો.કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રેરણાદાયી સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું: હીના વ્યાસ દ્વારા "Express Yourself (તમારી વાત, તમારી ઓળખ)" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું.શૈલેષ નાગ દ્વારા ખાસ ઈન્ટરએક્ટિવ સેશન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા.જય રાજગોર દ્વારા "The Arjuna Mindset: How Youth Can Win Life Battles" વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું.મયંક બુચ દ્વારા "વિચારો વ્યવહાર" વિષય પર જીવનમાં યોગ્ય વિચારધારા વિકસાવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને રસ સાથે ભાગ લઈ પોતાની અંદરની ક્ષમતાઓને ઓળખવાનો પ્રયાસ કર્યો હતો.કાર્યક્રમની ખાસ વાત તરીકે વિદ્યાર્થીઓ માટે સુવ્યવસ્થિત અને સ્વાદિષ્ટ બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# ભાવનગરના ગૌરવ સમાન માવજીભાઈ બાબરીયાનું સન્માન




**અભિનેત્રી પૂજા જોશીના હસ્તે પ્રાઈડ ઓફ ભાવનગર એવોર્ડ અપર્ણ કરાયો**

સુરત, તા.૨૪

તાજેતરમાં આયોજિત પ્રતિષ્ઠિત 'પ્રાઈડ ઓફ ભાવનગર એવોર્ડ્સ' કાર્યક્રમમાં શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ જાણીતા શિક્ષક અને સમાજ અગ્રણી શ્રી માવજીભાઈ નથુભાઈ બાબરીયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે ગુજરાતી સિનેમાની જાણીતી અભિનેત્રી પૂજા જોશીના હસ્તે શ્રી માવજીભાઈને 'પ્રાઈડ ઓફ ભાવનગર એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો. શિક્ષણ જગતમાં વર્ષોથી સેવા આપવાની સાથે સમાજના ઉત્થાન માટે સતત કાર્યરત રહેતા શ્રી માવજીભાઈના આ સન્માનથી તેમના ચાહકો અને ભાવનગરના શિક્ષણ જગતમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. આ એવોર્ડ તેમના દ્વારા કરાયેલા નિઃસ્વાર્થ કાર્યની સાચી ઓળખ છે.




# સુરત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા શહીદ દિવસની ઉજવણી

સુરત, તા.૨૪

તારીખ ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ અંગ્રેજો દ્વારા ભગતસિંહ સુખદેવ અને રાજગુરુને ફાંસી અપાઈ હતી ત્યારથી ભગતસિંહ ની આ શહાદતને બિરદાવવા માટે ૨૩ માર્ચનો દિવસ સમગ્ર દેશમાં "શહીદ દિન " તરીકે ઉજવાય છે .ભગતસિંહ વૈચારિક રીતે ચુસ્ત નાસ્તિક હતા અને વામપંથી વિચારોમાં માનતા હતા. ભગતસિંહ ના અંતિમ સમયે તેમના હાથમાં " લેનિન"નું પુસ્તક હતું. ભગતસિંહ કાયમ કિસાનો અને કામદારોના હિતની વાતો કરીને સંઘર્ષ કરતા હતા , આ દિવસે પક્ષના મંત્રી સુગીત પાઠકજી દ્વારા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને અનુસરીને સ્મૃતિઓને યાદ કરવામાં આવી. એડવોકેટ વિજય શેનમારે એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. વર્તમાન પરિસ્થિતિમાં દેશમાં વધતી જતી મોંઘવારી , બેરોજગારી અને ભ્રષ્ટાચાર તેમજ વધતી જતી આર્થિક અસમાનતા વિશે ચિંતા વ્યક્ત કરી, તેમજ વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકા , ઈઝરાઈલ અને ઈરાન માં યુદ્ધની પરિસ્થિતિ અને એના ગંભીર પરિણામો વિશે ચર્ચા કરવામાં આવી.



# ગટ્ટુ વિદ્યાલયનો વિદ્યાર્થી હિમય દાની રાજ્યકક્ષાએ ઝળક્યો

અંકલેશ્વર, તા.૨૪

શ્રી ગટ્ટુ વિદ્યાલયના GSEB વિભાગના ધોરણ ૨-A (ઇંગ્લિશ મીડીયમ)માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી હિમય દાનીએ સુરત મુકામે યોજાયેલી ૫મી સબ-જુનિયર ગુજરાત ટાઈકોંડો ચેમ્પિયનશિપ – ૨૦૨૬માં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીએ ફાઈટ ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે, જે સમગ્ર શાળા માટે ગૌરવની વાત છે.આ સિદ્ધિ માટે વિદ્યાર્થીને તાલીમ આપનાર શાળાના રમતગમત સંચાલક શ્રીમતી નીલમ સુણવા તેમજ પી.ઈ. શિક્ષક શ્રી ધર્મેશ વસાવાનો શાળા પરિવાર હાર્દિક આભાર વ્યક્ત કરે છે.શાળાના આચાર્ય શ્રીમતી સુષ્મા ચૌધરી તથા ઉપાચાર્ય શ્રીમતી અંજલી પટેલ વિદ્યાર્થીને તેમના લક્ષ્ય સુધી પહોંચવા અને જીવનમાં સતત પ્રગતિ કરતા રહેવા માટે હંમેશાં આશીર્વાદ આપે છે.શાળા હંમેશાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ અને અગ્રેસર રહી છે.

# આજે તા. ૨૪ માર્ચ- વિશ્વ ક્ષય દિવસ

## સુરત જિલ્લાના તાલુકાઓમાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધી ૧૪ હજારથી વધુ દર્દીઓ ટીબી મુક્ત બન્યા

સુરત, તા.૨૪

વિશ્વ સહિત દેશભરમાંથી ટી.બી. (ટ્યુબરક્યુલોસિસ) ના દર્દીઓને ઓળખી યોગ્ય નિદાન અને ચોક્કસ સારવાર દ્વારા્ મ્ને નાબુદ કરવાના ઉદ્દેશથી દર વર્ષે તા.૨૪ માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ૨૦૨૬ માટે આ દિવસની થીમ "રૂીજ! We Can End TB!, LED BY COUNTRIES, POWERD BY PEOPLE" રાખવામાં આવી છે. આ માત્ર એક સૂત્ર નથી, પરંતુ સમાજ અને લોકોનો સામુદાયિક સંકલ્પ છે.

આ સંકલ્પ હેઠળ સુરત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ક્ષય નિવારણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરાઈ રહી છે. ક્ષય નિવારણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને અભિયાન કાર્યરત છે. જે અંતર્ગત સુરત જિલ્લાના બારડોલી, ચોર્યાસી, માંડવી, પલસાણા, ઉમરપાડા, કામરેજ, મહુવા, માંગરોળ અને ઓલપાડ સહિતના ૯ તાલુકાઓમાં ટીબીના દર્દીઓની ઓળખ, નિદાન અને સારવાર થકી સરકારના ટીબી મુક્ત ભારતના ધ્યેયને સાકારિત કરવામાં આવી રહ્યું છે.

સુરત જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લા ટી.બી અધિકારી ડો.દિનેશ વસાવાએ આપેલી માહિતી અનુસાર જિલ્લામાં કરાયેલી કામગીરી અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૧૯,૧૪૭ દર્દીઓ શોધાયા અને ૧૪,૬૫૭ દર્દીઓ યોગ્ય સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

અનુસંધાન પાના ૭ પર

### ટીવી નાબુદી માટે વિશેષ અભિયાન

સુરત, તા.૨૪

નિક્ષય મિત્ર યોજનાઃ દર્દીઓને દત્તક લઈ તેમને પોષણયુક્ત આહાર અને માનસિક સહારો પૂરો પાડવા માટે વ્યક્તિઓ કે સંસ્થાઓ 'નિક્ષય મિત્ર' બની મદદ કરે છે.

નિક્ષય પોષણ યોજનાઃ ટીબીના દર્દીઓને સારવાર દરમિયાન પોષણયુક્ત આહાર માટે સરકાર દ્વારા સીધી આર્થિક સહાય (DBT) આપવામાં આવે છે. સક્રિય કેસ શોધ(Active Case Finding): આયુષ્માન આરોગ્ય મંદિરો અને સરકારી કેન્દ્રો દ્વારા ઘરોઘર જઈ ટીબીના દર્દીઓ શોધવા અને નિઃશુલ્ક તપાસ કરવી. ટીબી મુક્ત ગ્રામ પંચાયતઃ ગામડાઓમાં જાગૃતિ વધારીને અને તપાસ વધારીને પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવાનું અભિયાન.

# ઓલપાડ તાલુકામાં જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાના કામમાં ગોબાચારી

**ધારાસભ્ય મુકેશભાઈ પટેલની વિઝીટ દરમ્યાન પોલ ખોલતા રોડ કોન્ટ્રાકટરને પેમેન્ટ ન કરવા સંબંધિત અધિકારીઓને કડક સુચના**

સુરત, તા.૨૪

ઓલપાડ તાલુકામાં સરકારી ગ્રાન્ટમાંથી બનેલ નવા રસ્તાઓ ઉપર સાઈડ સોલ્ડરિંગની કામગીરીમાં હાર્મોરમ પુરવાના બદલે માટી પુરાણ,તો ક્યાંક આ કામ અધૂરૂ જણાતા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે માર્ગ મકાન ખાતાના સબંધિત અધિકારીઓને ખખડાવી જ્યાં સુધી સંપૂર્ણ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોન્ટ્રાકટરોને પેમેન્ટ ન કરવા કડક સુચના આપી છે.જો કે અધિકારીઓ પણ સૂચનાનો અમલ કરવાના બદલે'શેઠની શિખામણ ઝાંપા સુધી'ની કહેવતને અનુસરતા ભ્રષ્ટાચારને વેગ મળી રહ્યો હોવાની લોકો અનુભૂતિ કરી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# સાધનાની સિદ્ધિ માટે સ્થાન, સમય અને હેતુ મહત્વનાઃ પૂ. પંકજભાઈ વ્યાસ

## શૈક્ષણિક મંચની નવમી સંગોષ્ઠિ ફોરમ એવોર્ડ અને અધ્યાત્મ સંવાદ સાથે સંપન્ન

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ હવે શિક્ષણની એક અલગ પરિપાટી ધરાવતી શૈક્ષણિક સંસ્થા તરીકેનો વિશ્વાસ મજબૂત કરી રહી છે. છેલ્લાં પાંચ વર્ષથી થઈ રહેલાં વિભિન્ન વિવિધ પ્રકલ્પોમાં શિક્ષકોને પ્રોત્સાહન,ગુણવત્તા સુધાર અને સંવાદથી શ્રેષ્ઠતાની સફર જેવા હેતુઓ લઈને આ સંસ્થા કાર્યરત છે.

દર છ મહિને યોજાતી શૈક્ષણિક સંગોષ્ઠિનો નવમો મણકો આદિજાતિ વિસ્તારમાં તેની સંવેદનાને સ્પર્શવા ધરમપુરના ઊંડાણના ચાસ માંડવા ગામમાં યોજાઈ ગયો. ગુજરાતભરના વિવિધ જિલ્લાઓના સમર્પિત શિક્ષણ સાધકો અનેક આવાગમનની સમસ્યાઓ હોવા છતાં પહોંચ્યા ત્યાં હતા.




તારીખ ૨૦ ના રોજ શ્રી મહેશભાઈ ટંડેલના નેતૃત્વમાં કંરજવેરી પ્રાથમિક શિક્ષણ વિદ્યાલયની મુલાકાત કરીને એ સંસ્થાના શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. ૨૧ માર્ચના રોજ સવારે પક્ષીવિદ શ્રી પરેશભાઈ રાવલ સાથે સૌએ પક્ષી દર્શન કર્યું હતું.ત્યાર પછી સવારના ઉદ્ઘાટન સત્ર અને સ્વ. આલાબાપુ સાંડસુર ફોરમ શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર કાર્યક્રમને સંબોધિત કરતા જાણીતા ભાગવતાચાર્ય પૂ. પંકજભાઈ વ્યાસે કહ્યું કે કોઈપણ સાધના પછી તે કર્મ સાધના હોય તો પણ ભલે અને અન્ય કોઈ માર્ગ હોય તો પણ ભલે તેમાં સિદ્ધિ મેળવવા દરેક વ્યક્તિએ સ્થાન, સમય અને હેતુને મહત્વ આપવું જોઈએ.અહીં પુરસ્કાર પામેલા પાંચ મહાનુભાવો આ સિદ્ધિ સુધી પહોંચ્યા છે તેથી આજે આપણે તેની આરતી ઉતારી છે.શ્રી શ્યામજીભાઈ દેસાઈના પુસ્તક 'અધ્યાત્મ અને શિક્ષણ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આજે વિવિધ એવોર્ડ એનાયત થયાં જેમાં માંગરોળ જૂનાગઢના સમર્પિત અધ્યાપક કે જેમણે ૪૦ વર્ષ સુધી શિક્ષણના ક્ષેત્રમાં અને સેવાના ક્ષેત્રમાં પોતાની જાતને આહુત કરી છે તેવા શ્રી પ્રશાંતભાઈ વ્હાવાલાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ થયો.જોડિયાની માધ્યમિક કન્યા વિદ્યાલયમાં કાર્યરત શ્રી મમતાબેન જોશી વીરનગરની પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી દેવકુબેન બોરીચા તથા સારસા ખેડાના શ્રી કિરીટભાઈ ચૌહાણ અને ભાવનગર પરવડીના શ્રી પરેશભાઈ હીરાણીને સ્વ આલાબાપુ સાંડસુર ફોરમ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં રોકડ રકમ, સૂત્ર માલા,પ્રશસ્તિપત્ર અને શાલ અર્પણ કરવામાં આવ્યા હતાં.વ્યાસ સત્રમાં "મહાભારતની પાત્રસૃષ્ટિ અને મૂલ્ય શિક્ષણ" એ વિષય ઉપર પ્રા.કુમાર જૈમિનિ શાસ્ત્રીએ વ્યાખ્યાન આપ્યું હતું.

બપોર બાદ યોજાયેલા વાલ્મિકી સત્રમાં મોટાપોન્ડા કોલેજના અધ્યાપક ડોક્ટર આશા ગોહિલે અધ્યાત્મ શિક્ષણ અને કર્મ એ વિષય પર અને પ્રજ્ઞેશભાઈ રાઠોડ એ "અધ્યાત્મ અને વિજ્ઞાન"એ વિષય પર પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા.

શિક્ષણ સંસ્થાઓની પરિક્રમા કરવાનો પણ ઉપક્રમ આ માધ્યમથી રહ્યો છે. જેમાં આ સ્થળથી મહારાષ્ટ્ર માત્ર સાત કિલોમીટર દૂર છે પરંતુ તેનાથી બીજા સાત કિલોમીટર દૂર નામના મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ગુહુ ગામની અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયની મુલાકાત યોજવામાં આવી હતી. વનવાસી કલ્યાણ સમિતિના માધ્યમથી સંચાલિત આ સંસ્થા અતિ જરૂરિયાતમંદ એવા બાળકો માટે સંજીવની રૂપ કામ કરી રહી છે. પહેલા બીજા ધોરણમાં ભણતી બાળકીઓ છાત્રાલયમાં રહેતી જોઈને ખૂબ આશ્ચર્ય થઈ રહ્યું હતું. વિદ્યાર્થી સભા અને શિક્ષક સભાનું આયોજન તેના પ્રધાનાચાર્ય શ્રી સુનિલ ગાવીત દ્વારા થયું હતું.

રાત્રી બેઠકમાં બગસરાના પૂ હંસ ગીરી બાપુએ અધ્યાત્મ અને જીવન પર સુંદર વાતો કરી હતી. ૨૨ ની સવારની તુલસી સત્ર બેઠકમાં 'માનસઃ માનવ સર્જનનું મેનેજમેન્ટ' વિષય પર રામચરિત માનસની ઉપયોગીતા શ્રી તખુભાઈ સાંડસુર દ્વારા સિદ્ધ કરવામાં આવી હતી. ભગવદ્ ગીતા અને શિક્ષણ પર જાણીતા પ્રેરક પ્રવક્તા ડો. ધર્મેન્દ્ર કનાલાએ સુંદર રજૂઆત કરી હતી. વિવિધ સત્રોના સંચાલક તરીકે લોકસાહિત્યકાર શ્રી ભગવદ્ દાન ગઢવી, શ્રી વિમલભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ અને સુશ્રી દીપીકાબેન વાણીયાએ જવાબદારી ઉઠાવી હતી.

બે દિવસની સંગોષ્ઠિની આભાર વિધિ શ્રી શ્યામજીભાઈ દેસાઈએ કરી હતી.સ્થાનિક આયોજન પત્રકાર, શિક્ષણવિદ શ્રી મહેશભાઈ ટંડેલ કરી રહ્યા હતાં.સમગ્ર આયોજન સંકલન અને વ્યવસ્થા શ્રી તખુભાઈ સાંડસુરે કરી હતી.કાર્યક્રમ સંયોજક શ્રી હરેશભાઈ સોડવડીયા તથા લીલાબેન ઠાકરડાએ પણ કાર્યક્રમને સફળ બનાવવા મહત્વની જવાબદારીઓ ઉઠાવી હતી.આશ્રમ સંચાલકો શ્રી પિયુષભાઈ ધાનાણી તથા પૂ દેવ સ્વામી પણ વ્યવસ્થામાં સહભાગી હતાં.




# યામાહા મ્યુઝિક ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે એ.આર. રહેમાનની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂકની ઘોષણા કરી

ચેન્નાઈ, ભારત. ૨૨ માર્ચ ૨૦૨૬: એકેડેમી એવોર્ડ વિજેતા સંગીતકાર અને વૈશ્વિક સ્તરે આદરણીય મ્યુઝિક આઈકોન, એ.આર. રહેમાને ભારતીય સંગીતને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમની સંગીત યાત્રા ભારતીય પ્રતિભાની વૈશ્વિક ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે - એક એવું વિઝન જે ભારતમાં સંગીત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટેની 'યામાહા મ્યુઝિક ઈન્ડિયા'ની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે. આ જોડાણ ભારતના સંગીત ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે યામાહા મ્યુઝિક ઈન્ડિયાની લાંબા ગાળાની કટિબદ્ધતામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન રૂપ છે.


યામાહા મ્યુઝિક ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી યામામોટો તાકેતોશીએ જણાવ્યું હતું કે, "સંગીત એ યામાહાની ફિલસૂફીના હાર્દમાં છે. ભારતનો સમૃદ્ધ સંગીત વારસો વૈશ્વિક ઓળખને પાત્ર છે. અમારા 'મેડ ઈન ઈન્ડિયા' અભિયાન અને એ.આર. રહેમાન સાથેના અમારા જોડાણ દ્વારા, અમારો ઉદ્દેશ્ય સંગીતકારોની આગામી પેઢીને પ્રેરણા આપવાનો અને સમગ્ર ભારતમાં સુવ્યવસ્થિત સંગીત શિક્ષણનો વિસ્તાર કરવાનો છે."

સેલ્સ યુનિટ હેડ, શ્રી યોજી મારુયામાએ ઉમેર્યું હતું કે, "અમારું લક્ષ્ય માત્ર ઈન્સ્ટ્રુમેન્ટ્સના વેચાણ પૂરતું મર્યાદિત નથી. અમે વર્કશોપ, શાળાઓ સાથેના જોડાણ અને ગ્રામીણ આઉટરીચ કાર્યક્રમો દ્વારા સંગીત સમુદાયોને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છીએ. આ ભાગીદારી દરેક ઉભરતા કલાકાર માટે સંગીતને સુલભ બનાવવાના અમારા વિઝનને વધુ મજબૂત કરે છે."એ.આર. રહેમાને તેમના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "યામાહા હંમેશા ચોકસાઈ અને વિશ્વસનીયતાનું પ્રતીક રહ્યું છે. મને એવી બ્રાન્ડ સાથે જોડાતા ગૌરવ થાય છે જેનો વારસો સંગીતની ઉત્કૃષ્ટતામાં રહેલો છે અને જેનું 'મેડ ઈન ઈન્ડિયા' પરનું ધ્યાન ગુણવત્તાયુક્ત વાદ્યોને વધુ સુલભ બનાવી રહ્યું છે. આ પહેલનો લાભ મારી પોતાની 'કેએમ મ્યુઝિક કન્ઝર્વેટરી' અને 'ધ સનશાઈન ઓર્કેસ્ટ્રા'માં તાલીમ લઈ રહેલી યુવા પ્રતિભાઓને મળી રહ્યો છે. જો આપણે યુવા કલાકારોને માર્ગદર્શન આપવાનું અને સંગીત શિક્ષણને મજબૂત કરવાનું ચાલુ રાખીશું, તો ભારતીય સંગીતકારો વૈશ્વિક મંચ પર નેતૃત્વ કરી શકશે."

## એગ્ઝામ સ્ટ્રેસ : બાળકોના મનોભાવને સમજીને પ્રોત્સાહન

# પરીક્ષા આવી : બાળકોને સમજો

ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં હવે થનાર છે. ટુંકમાં પરીક્ષાનો સમય છે. પરીક્ષાનો દોર શરૂ થઈ ગયા બાદ આ સમય શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ત્રણેય માટે પડકારરૂપ સમય હોય છે. પરીક્ષાના ગાળા દરમિયાન બાળકો ટેન્શનમાં ઘેરાઈ જાય છે. પોતાની ક્ષમતા પર શંકા કરવી અને પોતાને કમજોર ગણવાના કારણે આ પ્રકારની સમસ્યા ઉભી થાય છે. સામાન્ય રીતે બાળકોના આ મનોભાવને માતાપિતા સમજી શકતા નથી. જેના કેટલીક વખત ઘાતક પરિણામ સામે આવે છે. વિદ્યાર્થીઓ પરીક્ષાના ગાળા દરમિયાન રાત્રીમાં પણ જાગે છે. ભોજન પ્રમાણમાં ઓછુ લેવાની શરૂઆત કરે છે. વિદ્યાર્થીઓ ટેન્શનમાં રહે છે. નિષ્ણાંત શિક્ષકોનુ કહેવુ છે કે પરીક્ષાના ગાળા દરમિયાન છથી આઠ કલાક સુધી વાંચન પણ પુરતા પ્રમાણમાં હોય છે. પરિવારના સભ્યોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. પરીક્ષાને એક ખેલ તરીકે લેવામાં આવે તે જરૂરી છે. પરિણામની ચિંતા કર્યા વગર જોરદાર દેખાવ કરવા માટેની સલાહ નિષ્ણાંતો આપે છે. અભિભાવક અને વાલી બાળકોને પ્રોત્સાહન આપે તો ખુબ રાહત મળે છે. આવી બાબતોથી વિદ્યાર્થીઓમાં હિમ્મત આવે છે.



દરેક બાળકમાં અમર્યાદિત પ્રતિભા અને વિશ્વાસ હોય છે. ટેન્શનથી એકાગ્રતા ભંગ થઈ જાય છે. ભણવા માટે ટાઈમ ટેબલ બનાવવા માટેની તાકીદની જરૂર હોય છે. બ્રેકમાં મ્યુઝિક સાંભળવા માટેની પણ સલાહ કેટલાક લોકો આપે છે. ક્રિએટિવ તરીકાથી વાંચવાની ટેવ રાખવી જોઈએ. સવારમાં હળવી કસરત કરવી જોઈએ. યોગ કરવાથી પણ ફાયદો થાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જે બાળકો શિસ્તમાં રહેતા નથી અને વર્ષ દરમિયાન વાંચતા નથી તેઓ પરીક્ષાના ગાળા દરમિયાન નર્વસ અનુભવ કરે છે. આવી સ્થિતીમાં પહેલા રસવાળા વિષય વાંચવા જોઈએ. ત્યારબાદ મુશ્કેલ વિષય પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. મુશ્કેલ વિષયને પછી લેવામાં આવે તો ફાયદો થાય છે. જાણકાર મનોચિકિત્સક કહે છે કે બાળકો પોતાના મનની વાત મિત્રો, પરિવારના સભ્યોને કરે તે જરૂરી છે. આનાથી તેમના અંદરનો ભય નિકળી જાય છે.

લોકો શુ વિચારશે તેની તરફ ધ્યાન આપવાના બદલે હકારાત્મક બાબતો પર ધ્યાન આપવાની જરૂર હોય છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે જે વાંચ્યુ છે તે આવડવુ જોઈએ. વાલીઓને આ બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે કે તેઓ પોતાની ઈચ્છા બાળકો પર ન લાદે. આનાથી નુકસાન થઈ શકે છે. બાળકોની સાથે વાલીઓ પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચે તે જરૂરી છે. તેમને પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે. ઘરે આવ્યા બાદ બાળકોની મનોદશા સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પેપર પૂર્ણ થયા બાદ તેની બીજી પરીક્ષા બહાર લેવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. પરીક્ષાના ગાળા દરમિયાન એક પ્રશ્નનો જવાબ આવી રહ્યો નથી તો તેને પછી કરવા માટે રાખવાની જરૂર હોય છે. અન્ય પ્રશ્નોના જવાબ પહેલા લખવા જોઈએ. પરીક્ષાના અંતે સમય હોય તો તે પ્રશ્નના જવાબ લખવાના પ્રયાસ કરવા જોઈએ.અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે વિદ્યાર્થીઓ સાત કલાકની ઊંઘ માણી રહ્યા છે તે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ યોગ્ય પરિણામ મેળવી રહ્યા છે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સાત કલાકની ઊંઘ સારા પરિણામમાં મદદરૂપ થાય છે. ફેડરલ માર્ગદર્શિકામાં વિદ્યાર્થીઓને નવ કલાક ઊંઘવાની ભલામણ કરવામાં આવી છે પરંતુ આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સાત કલાકની ઊંઘ વિદ્યાર્થીઓને સારા પરિણામ મેળવવામાં મદદરૂપ બને છે. અભ્યાસમાં સામેલ અધિકારી ઈરીક આઈડે કહ્યું છે કે અમે ઓછી ઊંઘ અંગે વાત કરી રહ્યા નથી પરંતુ ડેટા જણાવે છે કે સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે આદર્શ છે. સાત કલાકની ઊંઘ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા પરિણામમાં મદદરૂપ બની શકે છે. આઈડ અને બ્રિગહામ યગ યુનિવર્સિટીના ઈકોનોમીક પ્રોફેશર માર્ક સોવાલટર દ્વારા કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પરીક્ષાના ગાળામાં પણ આટલી ઊંઘ પુરતી રહે છે. આરોગ્ય અને શિક્ષણ ઉપર તેની અસરની ચર્ચા પણ કરવામાં આવી હતી. જ્યાં સુધી ઊંઘથી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓએ ઊંઘ લેવી જોઈએ. પરંતુ આ પ્રકારના તારણોથી તમામને આશ્ચર્ય થયું હતું. ૧૭૨૪ પ્રાઈમરી અને સેકેન્ડરી વિદ્યાર્થીઓના સેમ્પલ લીધા બાદ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું છે કે ઊંઘની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. ઊંઘની પરીક્ષામાં સ્કોર ઉપર અસરના કદ અંગે વાત કરવામાં આવી નથી.

# ડિપ્રેશનથી યાદશક્તિની સમસ્યા

ટેન્શન યાદશક્તિ અને દિમાગ સંબંધિત અનેક સમસ્યામાં વધારો કરી શકે છે. અમેરિકાની બ્રીઘમ યંગ યુનિવર્સિટના સાયકલોજી વિભાગના પ્રોફેસર ડોનાલ્ડ શેલ્ટન અને બ્રોક કિરવાને વ્યાપક અભ્યાસ અને અનેક વર્ષ સુધી રિસર્ચ કર્યા બાદ હવે ધડાકો કર્યો છે કે જે લોકો સતત ટેન્શનમાં રહે છે તેમની યાદશક્તિ ખુબ ઓછી થઈ જાય છે. જે લોકો ટેન્શનમાં રહે છે તેમના કામકાજના સ્તરમાં પણ ઘટાડો થઈ જાય છે. તેમની કામ કરવાની શક્તિ ઘટી જાય છે. આ નિષ્ણાંતોનુ કહેવુ છે કે દિમાગમાં બે હિસ્સા હોય છે. જ્યાં નવી કોશિકાઓ બનતી રહે છે. તે પૈકી એક હિપ્પોકેમ્પસ હોય છે જે દિમાગને સંતુલિત રાખવા માટેનુ કામ કરે છે. ટેન્શનના કારણે સેલ્સનુ નિર્માણ કામ રોકાઈ જાય છે. જેના પરિણામસ્વરૂપે દિમાગ અથવા તો યાદશક્તિ સંબંધિત સમસ્સા ઉભી થવા લાગે છે. વૈજ્ઞાનિકોને આશા છે કે આ નવી શોધના કારણે ડિપ્રેશનમાં રહેલા લોકોની સારવાર ભવિષ્યમાં વધારે સરળ થઈ જશે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફિશ ઓઈલ યાદશક્તિમાં ૧૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરે છે. આ ઉપરાંત ઘણી તકલીફોને પણ દૂર કરે છે.



સોલમન અને ટ્રોટ જેવી ઓઈલી ફિશને ડાઈટમાં લેવાથી યાદશક્તિ સુધારે છે.હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં મેસી યુનિવર્સિટીમાંથી વેલેમાં સ્ટોન હાઉસ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. આ ટીમે ડીએચએ ધરાવતાં ઘટક તત્ત્વો પણ ઉપલબ્ધ કરાવ્યા છે. સોલમન જેવી ફૂડ વસ્તુઓમાં ઓમેગા-૩ ફેટ્ટી એસિડના તત્ત્વો જોવા મળ્યા છે. આમા જણાવવામાં આવ્યું છે કે ૧૭૬ સ્વસ્થ પુખ્તવયના લોકોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર યાદશક્તિ જ નહીં બલ્કે હાડકાઓને મજબૂત કરવામાં પણ ફિશ ઓઈલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારવાર બાદ જાણવા મળ્યું કે દરેકની યાદશક્તિમાં વધારો થાય છે.

આ ઉપરાંત શરીરના અન્ય ઘટકોની તાકાત પણ વધે છે. પ્રથમ વખત અભ્યાસમાં આ બાબત જાણવા મળી છે ડીએચએ ઘટક તત્ત્વોથી યુવા સ્વસ્થ પુખ્તવયના લોકોની યાદશક્તિમાં સુધારો થાય છે.

# ડિપ્રેશન માટે કોઈ કારણ ન મળે તો એનું પણ ડિપ્રેશન આવે



સ્કૂલ બાળકોનું માનસિક ઘડતર કરે છે, પણ તેનો સર્વાંગી વિકાસ થતો નથી, જેને લીધે બાળક પાસે અપસેટ થવાનાં કારણોનો મોટો ઢગલો આવી જાય છે અને બાળક દર વખતે એમાંથી એકેક કારણ કાઢીને જાતને ડિપ્રેસ કરે છે

ડિપ્રેશન માટે કોઈ કારણ ન મળે તો એનું પણ ડિપ્રેશન આવે મોટિવેશનલ સેમિનાર માટે મારે દેશભરમાં ફરવાનું બનતું રહે છે. લોકો મને સાંભળે અને મોટિવેટ થાય એવું દરેક વખતે ગમતું નથી હોતું. એવા લોકો મને મળે અને તેમને સાંભળવાની મજા આવે એ પણ ક્યારેક બહુ મજા આપી જાય છે. આવા મિત્રો પાસેથી મને મોટિવેટ થવાની તક મળે છે, તેમની પાસેથી ઘણું નવું જાણવા પણ મળે છે. આ જ કારણે હું એવી તક લેતો રહું છું કે જે શહેરમાં ગયો હોઉં એ શહેરની જાણીતી કે પછી મહત્વની હોય એવી વ્યક્તિઓને મળવા મળે તો એનો ચાન્સ લઈ લેવો. મુંબઈ આવ્યો હોઉં અને ઉદ્ધવ ઠાકરે કે પરેશ રાવલ જેવી વ્યક્તિઓને મળી લઉં અને જો બરોડા ગયો હોઉં તો એ શહેરના મહાનુભાવને મળી લઉં.અગાઉ આપણી વાત થઈ છે કે આપણે ત્યાંની શિક્ષણપ્રણાલી બહુ વિચિત્ર છે અને એમાં તાત્કાલિક ધોરણે બદલાવ આવે એ બહુ જરૂરી છે. શું બદલાવ કરવા જોઈએ અને શા માટે એ બદલાવ કરવા જોઈએ એ વિશે પણ મારી માનસિકતા બહુ સ્પષ્ટ છે, પણ હું એવું ધારતો હતો કે મારા જ વિચારો એવા છે, પણ ના, એવું નથી. હમણાં મારે ગુજરાતના જાણીતા શિક્ષણકાર ગીજુભાઈ ભરાડને મળવાનું બન્યું ત્યારે તેમના વિચારો જાણીને પણ મને એ જ થયું કે આ બધું મારે પણ કરવું જ છે. આગળ વાત કરતાં પહેલાં કહી દઉં, ગીજુભાઈ ભરાડ ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં ખૂબ માનનીય નામ. તેમના હાથ નીચે ભણીને અત્યાર સુધીમાં લગભગ પાંચ હજારથી વધુ ડૉક્ટર-એન્જિનિયર અને આર્કિટેક્ટ થયા હશે. હવે તે બિલકુલ રિટાયર્ડ છે અને લેખનનું કાર્ય કરે છે.ગીજુભાઈ માને છે કે આપણી શિક્ષણપ્રથામાં આપણે બાળકોના માત્ર માનસિક વિકાસ પર જ ફોકસ કરીએ છીએ, જે ખોટું છે. હકીકતમાં તો આપણે બાળકના માનસિક, શારીરિક વિકાસની સાથોસાથ સર્વાંગી વિકાસ પર ફોકસ કરવાની જરૂર છે. જો સાર્વત્રિક વિકાસ થશે તો જ બાળક આવતી કાલના સમયમાં ટટ્ટાર ઊભો રહીને સૌકોઈ સામે લડી શકશે, હરીફાઈમાં ટકી શકશે અને ધારો કે જો તે ટકવામાં ક્યાંક નિષ્ફળ પણ ગયો તો તે પોતાની માનસિક પરિપક્વતા દેખાડીને નવેસરથી શરૂ કરવાની તૈયારી દર્શાવશે. મને અંગતપણે લાગે છે કે આજના સમયના વિદ્યાર્થીઓને સૌથી વધારે જો કોઈ જરૂરિયાત હોય તો એ મોટિવેશનની છે. નાની અને સાવ વાહિયાત કહેવાય એવી વાતોથી તેમને ડિપ્રેશન આવે છે અને બાળકો સુસાઈડ જેવાં પગલાં ભરી લે છે. સ્કૂલમાં (હા, ખરેખર સ્કૂલમાં જ) ઓછા માર્ક આવ્યા હોય કે ટર્મિનલ જેવી ફાલતુ કહેવાય એવી એકાદ એક્ઝામના એક સબ્જેક્ટમાં ફેલ થયા હોય તો પણ ડિપ્રેશન આવી જાય. પેરન્ટ્સ મોબાઈલમાં ગેમ રમવા ન દે તો પણ ડિપ્રેશન આવી જાય. પપ્પા ખિજાય તો ડિપ્રેશન અને મમ્મી ખિજાય તો ડિપ્રેશન. ભાઈ પોતાનું નવું શર્ટ પહેરવા ન દે તો ડિપ્રેશન અને બહેન સ્કૂટીની ચાવી ન આપે તો ડિપ્રેશન. હું તો કહીશ કે ડિપ્રેશન લાવવા માટે આજનાં બાળકોને કારણ જોઈએ છે અને જો કારણ ન મળે તો પણ તેમને ડિપ્રેશન આવી જાય છે. ડિપ્રેશન પછીનું સ્ટેપ કયું, તો કહે, એક જ, સુસાઈડ. હમણાં રાજકોટમાં એક છોકરાએ સુસાઈડ કર્યું. કારણ ખબર છે તમને? હૉસ્ટેલની ફી નહોતી ભરી એટલે પેરન્ટ્સને ફી ભરવા માટે કહેવાની તેને સૂચના આપવામાં આવી. એવું જરાપણ નહોતું કે તેના પેરન્ટ્સ હૉસ્ટેલની ફી અફૉર્ડ નહોતા કરી શકતા, પણ બસ, તેને સૂચના આપી એટલે ભાઈ હર્ટ થઈ ગયા. આપણે મૂળ ટૉપિક પર ફરી જઈએ એ પહેલાં એક વાત કહેવી છે મારે તમને. જો કોઈ બાળકને એવું લાગતું હોય કે સુસાઈડથી તેનો છુટકારો થઈ જશે તો તે બાળક યાદ રાખે, તે આવું સ્ટેપ લઈને આખી લાઈફ તેના પેરન્ટ્સ અને ફૅમિલીના અન્ય મેમ્બર્સને ડિપ્રેશનમાં ધકેલી દે છે. થોડા સમય પહેલાં એક ન્યુઝપેપરમાં સર્વે આવ્યો હતો કે જે ફૅમિલીમાં સુસાઈડની શરૂઆત થાય છે એ ફૅમિલીના દરેક સભ્યની સુસાઈડ કરવાની હિંમત વધી જાય છે અને પછી એવી ઘટનાઓ એ ફૅમિલીમાં બનતી રહે એવા ચાન્સિસ ઊભા થાય છે.બાળકોને ખરેખર મોટિવેશનની જરૂર છે જે તેમને સ્કૂલમાંથી જ મળવું જોઈએ અને સ્કૂલ-ટાઈમથી જ તેને એ પ્રકારની કેળવણી મળવા માંડવી જોઈએ કે તે મોટિવેટ રહે, નાની-નાની વાતમાં અપસેટ કે ડિપ્રેસ ન થાય. બાળકોને સમજાવવું પડશે કે સ્કૂલમાં જે ભણાવવામાં આવે છે એ ભારરૂપ બિલકુલ નથી, પણ હકીકત તો એ છે કે એ ભણતર આવનારા ભવિષ્યનો પાયો છે. ભણતર ભારરૂપ બની ગયું છે એવું પહેલાં વડીલો બોલતા હતા, હવે એ જ વાત બાળકો બોલતાં થઈ ગયાં છે. હું તો કહીશ કે બાળકો સામે એ પ્રકારની ચર્ચાઓ પણ ન કરવી જોઈએ.

## તંત્રી લેખ...

**મંગળવાર, તા. ૨૪ માર્ચ ૨૦૨૬**

# સેવાના ૮૯૩૧ દિવસ

દેશના યશસ્વી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક સીમાચિહ્ન પાર કરતા ચૂંટાયેલી સરકારના વડા તરીકે ૮૯૩૧ દિવસ પૂરા કર્યા છે. ૨૪ વર્ષ અને ૧૬૫ દિવસ સુધી સિક્કિમના મુખ્ય પ્રધાન પદે રહેલા પ્રેમકુમાર ચામાલિંગના વિક્રમને મોદી વળોટી ગયા છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે લાગલગાટ ચાર ટર્મ (૨૦૦૧, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨) અને ૧૩ વર્ષ અને હવે કેન્દ્રમાં વડા પ્રધાન તરીકેના ત્રીજા કાર્યકાળના બીજા વર્ષમાં છે. સત્તામાં રહેવું અને પ્રધાન સેવક તરીકે સત્તાનું વહન કરવું એ બંને વચ્ચેના ફરકને જાળવી રાખવા સાથે ભારતીય રાજકારણ, અર્થતંત્ર ઉપરાંત મિલિટરી, રાજદ્વારી, કાયદાકીય અને સામાજિક ક્ષેત્ર પર મોદીના ગવર્નન્સે છાપ છોડી છે. રાષ્ટ્રીય સલામતી અને આંતરિક સુરક્ષા તથા માળખાકીય સુવિધાઓ ઉપરાંત દેશના એકંદર વિકાસમાં તેમના યોગદાનની સાથે ભારત પ્રત્યે જોવાનો વિશ્વનો નવો દૃષ્ટિકોણ અને નવા ભારતને સાકાર કરતાં નક્કર પગલાં આ કાર્યકાળની ઉપલબ્ધિ કહી શકાય. ભારતના વડા પ્રધાન બનનાર વ્યક્તિનું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાઈ જતું હોય છે, પણ મોદીએ કરેલાં કામ, લીધેલા નિર્ણયો અને વિકાસવાદને કારણે આ નામને સોનેરી ચમક અને મૂલ્ય પણ મળ્યું છે. ૨૦૧૩માં નરેન્દ્ર મોદી ભાજપના વડા પ્રધાન પદનો ચહેરો તો બન્યા, પક્ષને સફળતા પણ મળી છતાં સાથી પક્ષો પર અવલંબન તો હતું જ. છેક શરૂઆતથી જ પડકારો અનેક હતા, મુશ્કેલીઓ પારાવાર હતી, પણ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેનાં ૧૩ વર્ષનો અનુભવ અને પકડ અને રાજકીય ઈચ્છાશક્તિના પગલે વિકાસની ગાડી શરૂઆતથી જ ટૉપ ગિયરમાં રહી છે. ચૂંટાયેલી સરકારના સર્વોચ્ચ હોદ્દા પર આટલા લાંબા સમય સુધી ટકી રહેલું વિરલ છે, માત્ર ભારતમાં જ નહીં વૈશ્વિક સ્તરે પણ આવા જૂજ દાખલા છે. રાજકીય પ્રસ્તુતતા અને દાયકાઓ સુધી જનાધાર ટકાવવાની ક્ષમતા વિના આ શક્ય નથી. મુખ્ય પ્રધાન પછી વડા પ્રધાન બન્યા હોય એવા નેતાઓની યાદી લાંબી છે. તો, એકથી વધુ વાર વડા પ્રધાન પદે આવનારા પણ ઘણા છે, પણ પાંચ વર્ષના બે કાર્યકાળ પૂરો કરનાર પહેલા બિન-કૉંગ્રેસી નેતા અને દેશની આઝાદી પછી જન્મ્યા હોય એવા પહેલા વડા પ્રધાન તરીકે નરેન્દ્રભાઈ એકમાત્ર છે. સત્તાનાં સૂત્રો સંભાળ્યા ત્યારથી જ આર્થિક આત્મનિર્ભરતા પર તેમણે સૌથી વધુ ભાર આપ્યો છે. મેક ઈન ઈન્ડિયા હોય કે જીએસટીનું અમલીકરણ કે પછી ડિજિટલ પૅમેન્ટની પહેલ હોય, આ બધાની પાછળ સર્વ પ્રથમ દેશને મૂકવાની નિસબત સૌથી આગળ રહી છે. માળખાકીય સુવિધાઓનો વિકાસ મોદીના ગવર્નન્સનું સીમાચિહ્ન રહ્યું છે. હાઈવે, ઍરપોર્ટ અને રેલવેમાં થયેલા ફેરફારો તથા ગામડાઓનો વિકાસ જે ગતિથી થયો છે, એ પણ અભૂતપૂર્વ છે. નોટબંધી તો આ પહેલાની સરકારોએ પણ કરી હતી, પણ નરેન્દ્રભાઈએ લીધેલું આ પગલું એક તીરથી અનેક ઊડતાં પંખીને જમીન પર લાવનારું સાબિત થયું. સૌથી મોટો ફેરફાર મોદીના કાર્યકાળમાં કોઈ થયો હોય તો એ છે, ભારત તરફ જોવાની બહારની દૃષ્ટિ અને ખુદને જોવાની ભારતીયોના દૃષ્ટિકોણમાં થયેલો ફેરફાર. સર્જિકલ સ્ટ્રાઈક અને હાલમાં જ ઑપરેશન સિંદૂર દ્વારા ભારતે વિશ્વને સંદેશ આપ્યો કે, અમને છેડશો તો અમે છોડશું નહીં. રામ મંદિર-બાબરી મસ્જિદ મડાગાંઠનો ઉકેલ હોય કે કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી, મોદી સરકારની મક્કમતા અને મજબૂત ઈચ્છાશક્તિનો પુરાવો છે. સત્તામાં હોવા છતાં સેવાનો અભિગમ, સૌને સાથે રાખીને ચાલવાનો સંકલ્પ તથા સર્વસમાવેશક વિકાસનો મંત્ર મોદીજીના ૮૯૩૧ દિવસના કાર્યકાળની ઉપલબ્ધિ ગણવી રહી.

## ઓનલાઈન શોપિંગ: સુવિધા-સંકટ ને અધિકાર

થોડા દિવસો પહેલાં એટલે કે ૧૫ માર્ચને દર વર્ષે પૂરી દુનિયાએ વિશ્ર્વ ઉપભોક્તા દિવસ તરીકે મનાવ્યો હતો. આ ફક્ત ખરીદ-વેચાણ પૂરતું જ સીમિત નથી, પરંતુ ગ્રાહકોનાં અધિકાર અને તેમની સલામતીને યાદ કરવાનો એક અવસર છે. આજે શોપિંગ મોબાઈલમાં માત્ર એક ક્લિકથી થઈ જાય છે. સૌ કોઈને ઓનલાઈન શોપિંગનો ચસ્કો લાગ્યો છે. એનાથી સમયની બચત તો થાય જ છે સાથે જ ઢગલાબંધ બ્રાન્ડ્સ પણ જોવા મળે છે. આટલું જ નહીં ફ્રી હોમ ડિલિવરી પણ મળી જાય છે. આજે દુનિયાભરમાં ૩ અરબ લોકો ઓનલાઈન શોપિંગ કરે છે. ૨૦૨૫માં ૬.૮ ટ્રિલિયન ડૉલરથી પણ વધુ ઓનલાઈન શોપિંગ કરવામાં આવી હતી. ખરીદી કરવાની શક્તિના હિસાબે તો ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો આજે દુનિયામાં ત્રીજી મહાશક્તિ છે. ઓનલાઈન શોપિંગનું ચલણ ખૂબ ઝડપથી વધ્યું છે. જોકે દરેક સિક્કાની બે બાજુ હોય એમ લાભની સાથે ગેરલાભ પણ છે. ઓનલાઈન શોપિંગ કરતાં ગ્રાહકોની પણ કેટલીક સમસ્યાઓ હોય છે. ઓનલાઈન શોપિંગમાં છેતરાવાની શક્યતા પણ ઘણી હોય છે.

ભારતમાં માત્ર ૩ વર્ષની અંદર ૧૫થી ૧૬ અરબ રૂપિયાની છેતરામણી માત્ર ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકો સાથે થઈ છે.

આ સિવાય ઓનલાઈન શોપિંગ દ્વારા જે વસ્તુનો ઓર્ડર આપવામાં આવ્યો હોય એના બદલે ઘરે જે વસ્તુ આવે છે એ ખરાબ, ડેમેજ અને હલકી ગુણવત્તાની હોય છે. આટલું જ નહીં એને બદલાવવા માટે પણ ગ્રાહકોને ખાસ્સી મહેનત કરવી પડે છે. રિફન્ડ માટે પણ એટલી જ મથામણ થાય છે.

અનેક વખત એવું પણ થાય છે કે ઓનલાઈન શોપિંગ કરતા ગ્રાહકોના ડેટા અન્ય વિક્રેતાઓને વેચવામાં આવે છે. એને કારણે તેમને પ્રોડક્ટ્સ ખરીદવા માટે બિનજરૂરી કૉલ્સ આવે છે.આ સિવાય ઓનલાઇન ફ્રોડથી બચવું હોય તો ભરોસાપાત્ર વેબસાઈટ પરથી શોપિંગ કરવી જોઈએ.અજાણી લિન્ક કે મેસેજ ન ખોલવા.પૈસાની ચુકવણી કરતી વખતે હંમેશાં સલામત માધ્યમોનો જ ઉપયોગ કરવો જોઈએ. જેથી કરીને અનેક તકલીફોથી દૂર રહી શકાશે.

આ સિવાય ઓનલાઇન શોપિંગ દ્વારા જે વસ્તુનો ઓર્ડર આપવામાં આવ્યો હોય એના બદલે ઘરે જે વસ્તુ આવે છે એ ખરાબ, ડેમેજ અને હલકી ગુણવત્તાની હોય છે. આટલું જ નહીં એને બદલાવવા માટે પણ ગ્રાહકોને ખાસ્સી મહેનત કરવી પડે છે. રિફન્ડ માટે પણ એટલી જ મથામણ થાય છે.

### આ ઘટનાના વિશ્વભરના મુસ્લિમોમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે

# ઈરાન જેરુસલેમમાં તબાહી મચાવે તો વિશ્વયુદ્ધ થઈ જાય...

## ઈરાન આ વાત જાણતું હોવાથી જેરુસલેમને નિશાન બનાવી રહ્યાનું કહેવાય છે.

ઈરાને ઈદ અલ-ફિત્રના દિવસે જ જેરુસલેમ પર હુમલો કરતાં ઈઝરાયલ-અમેરિકા સામેના ઈરાનના યુદ્ધમાં નવો ટ્વિસ્ટ આવી રહ્યો છે. આ હુમલો પણ અલ-અક્સા મસ્જિદને ટાર્ગેટ કરીને કરાયો હતો. ઈઝરાયલે યુદ્ધની સ્થિતિને કારણે ૬૦ વર્ષમાં પહેલી વાર અલ-અક્સા મસ્જિદ બંધ કરાવી તેના કારણે સુન્ની મુસ્લિમો ભડકેલા હતા ત્યાં જ ઈરાને મિસાઈલથી હુમલો કરી દેતાં સુન્ની મુસ્લિમોમાં ભારે આક્રોશ છે.સદનસીબે ઈરાને છોડેલી મિસાઈલ અલ-અક્સા મસ્જિદથી લગભગ ૩૦૦ મીટર દૂર પડતાં અલ-અક્સા મસ્જિદને કોઈ નુકસાન ના થયું પણ મસ્જિદની બહાર નમાઝ પઢવા એકઠા થયેલા મુસ્લિમોમાં ભાગદોડ મચી ગઈ. મસ્જિદના બંધ દરવાજાની બહાર ઈદની નમાઝ પઢી રહેલા મુસ્લિમોમાંથી એકનું મોત થયું હોવાના પણ અહેવાલ છે. ઈરાનના જેરુસલેમ પરના મિસાઈ હુમલા સામે ઈઝરાયલ અને આરબ દેશો બંનેએ આકરી પ્રતિક્રિયા આપી છે.આરબ દેશોએ ધમકી આપી છે કે, હવે પછી અલ-અક્સા મસ્જિદ કે બીજા કોઈ ધાર્મિક સ્થળને નિશાન બનાવીને હુમલો કરાશે તો ઈંટનો જવાબ પથ્થરથી અપાશે અને આરબ દેશો ભેગા મળીને ઈરાનનો સફાયો કરી દેશે. ઈઝરાયલનું કહેવું છે કે, આ હુમલાએ ઈરાનનો અસલી ચહેરો છતો કરી દીધો છે અને કહેવાતા ધાર્મિક મુલ્લારાજ પાછળ મુસ્લિમોનો જ ખાતમો કરવાની નફરતની ભાવના સિવાય કંઈ નથી.

આ ઘટનાના વિશ્વભરના મુસ્લિમોમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે પણ આ પ્રત્યાઘાત ઈરાનની એકદમ વિરુદ્ધ નથી એ રસપ્રદ છે. બલ્કે ઈઝરાયલલે ઈરાન સામેના યુદ્ધના બહાને અલ-અક્સા મસ્જિદ બંધ કરીને મુસ્લિમો પાસેથી આ પવિત્ર સ્થાન છિનવી લીધું એવા આક્ષેપો થઈ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર ઈરાનની ઝાટકણી કાઢતા મેસેજ તો છે પણ વધારે મેસેજ ઈઝરાયલની કોન્સ્પિરસી થિયરીના છે. ઈઝરાયલ ઈરાનનું નામ દઈને અલ-અક્સા મસ્જિદને ઉડાવી દેવાની ફિરાકમાં હોવાની વાતો થઈ રહી છે અને મિસાઈલ ઈરાને નહીં પણ ઈઝરાયલે જ છોડી હોવાના દાવા પણ કરાઈ રહ્યા છે.ઈરાન આ મુદ્દે ચૂપ છે પણ વૈશ્વિક બાબતોના નિષ્ણાતો માને છે કે, જેરુસલેમને નિશાન બનાવીને ઈરાન જોરદાર વ્યૂહાત્મક ગેમ રમી રહ્યું છે. અત્યારે સાઉદી અરેબિયા સહિતના આરબ દેશો અમેરિકા અને ઈઝરાયલના પડખે છે. ઈરાન અલ-અક્સા મસ્જિદને નિશાન બનાવીને ઈઝરાયલ અને આરબ દેશોને સામસામે મૂકવા માગે છે. અલ-અક્સા મસ્જિદને નુકસાન થાય તો ઈઝરાયલ અલ-અક્સા મસ્જિદનું રક્ષણ ના કરી શક્યું એમ માનીને મુસ્લિમો તેની સામે ભડકે તેથી આરબ દેશોએ ઈઝરાયલનો સાથ છોડવો પડે.ઈરાન જેરુસલેમમાં તબાહી મચાવીને દુનિયાભરના મુસ્લિમોની સહાનુભૂતિ મેળવવાનો દાવ પણ ખેલી રહ્યું છે. આ વાતને સમજવા માટે જેરુસલેમનું મહત્ત્વ સમજવું જરૂરી છે. જેરુસલેમ સાથે ત્રણ ધર્મનાં લોકોની ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે અને તેના પર કબજા માટે વરસો સુધી જંગ ખેલાયો છે. જેરુસલેમને યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ એમ ત્રણેય ધર્મના લોકો અતિ પવિત્ર સ્થળ માને છે.

અત્યારે જેરુસલેમ બહારની તરફ વિકસી ગયું છે પણ જૂનું શહેર જૂનું શહેર એટલે કે ઓલ્ડ સિટી સદીઓ પહેલાં હતું એવું જ છે. યહૂદીઓની માન્યતા છે કે, ઓલ્ડ સિટીમાં આવેલી કોટેલ (પશ્ર્ચિમી દીવાલ) વોલ ઓફ ધ માઉન્ટનો અવશેષ છે. આ પવિત્ર સ્થળની અંદર તેમનું સૌથી પવિત્ર સ્થાન 'હોલી ઓફ ધ હોલીઝ' આવેલું હતું. વિશ્વનું નિર્માણ અહી થયું હતું અને અહી જ પયગંબર ઈબ્રાહિમે પોતાના પુત્ર ઈસહાકનો બલિ ચઢાવવાની તૈયારી કરી હતી. અનેક યહૂદીઓની માન્યતા છે કે ડોમ ઓફ ધ રોક જ હોલી ઓફ ધ હોલીઝ છે. મુસ્લિમો માટે ઓલ્ડ સિટીમાં અલ અક્સા મસ્જિદ સૌથી પવિત્ર સ્થળ છે. અલ અક્સા મસ્જિદને મુસ્લિમો મક્કા અને મદીના પછી ત્રીજું સૌથી પવિત્ર સ્થળ માને છે. મુસ્લિમોની માન્યતા છે કે, મોહમ્મદ પયગંબર સાહેબે જન્નતની યાત્રા જેરુસલેમથી કરી હતી. ડોમ ઓફ ધ રોક મસ્જિદ પણ મુસ્લિમ વિસ્તારમાં છે. યહૂદી ધર્મસ્થાન તોડીને બનાવાયેલી આ મસ્જિદ યહૂદી અને મુસ્લિમ વિવાદમાં કેન્દ્રસ્થાને છે.ખ્રિસ્તીઓ માટે જેરુસલેમમાં આસ્થાનું કેન્દ્ર 'ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર' છે. ખ્રિસ્તીઓ માને છે કે, જીસસ ક્રાઈસ્ટ એટલે કે ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે આ જ સ્થળે ચડાવવામાં આવ્યા હતાં. જીસસ આ સ્થળેથી જ સ્વર્ગમાં ગયા હોવાની માન્યતા પણ છે. ત્રણેય ધર્મનાં લોકો વચ્ચે આ માન્યતાઓના કારણે વરસોથી સંઘર્ષ ચાલ્યા જ કરે છે.

ઈરાન જેરુસલેમ પર હુમલો કરીને ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર અને હોલી ઓફ ધ હોલીઝ ઉડાવી દે તો મુસ્લિમોમાં હીરો બની જાય કેમ કે સદીઓના સંઘર્ષ પછી પણ મુસ્લિમો આ સ્થાનોને નષ્ટ ના કરી શક્યાં કે જેરુસલેમ પર સંપૂર્ણ કબજો ના કરી શક્યાં. હવે મુસ્લિમો જેરુસલેમ પર સંપૂર્ણ કબજો કરી શકે એ સ્થિતિમાં નથી પણ ઈરાન ખ્રિસ્તી અને યહૂદીઓનાં સૌથી પવિત્ર સ્થાનોને ઉડાવી દે તો તેમની કટ્ટરવાદી માનસિકતા પોષાય.

ઈરાન આ વાત જાણતું હોવાથી જેરુસલેમને નિશાન બનાવી રહ્યાનું કહેવાય છે. જેરુસલેમમાં ખ્રિસ્તી અને યહૂદીઓનાં ધર્મસ્થાનોને નુકસાન થાય તો ભડકેલા યહૂદી અને ખ્રિસ્તીઓ ઈઝરાયલ અને પેલેસ્ટાઈનમાં રહેતા મુસ્લિમોને નિશાન બનાવે જ. એ સંજોગોમાં આરબ દેશો ઈઝરાયલની પડખે ના રહી શકે તેથી ઈરાન અમેરિકાની છાવણીમાં ભાગલા પાડવા માટે પણ આ દાવ ખેલી રહ્યું છે.

ઈરાન સફળ થશે કે નહી એ ખબર નથી પણ ઈરાન આગ સાથે રમત રમી રહ્યું છે તેમાં શંકા નથી. ઈરાનની આ રમત વિશ્વયુધ્ધ ભડકાવી શકે છે. ઈરાન જેરુસલેમને નિશાન બનાવે તેમાં યહૂદી અને ખ્રિસ્તીઓનાં ધર્મસ્થાનો જ ઊડે એ જરૂરી નથી. અલ અક્સા મસ્જિદને પણ નુકસાન થઈ શકે ને એ સંજોગોમાં મુસ્લિમ રાષ્ટ્રોને ઈરાન પર આક્રમણ કરવાની ફરજ પડે એવું પણ બને. તેના કારણે યુદ્ધમાં વધારે દેશો સામેલ થાય ને દુનિયાનો મોટો વિસ્તાર યુદ્ધગ્રસ્ત થઈ જાય એ શક્ય છે.

શિયા મુસ્લિમો માટે પણ અલ અક્સા મસ્જિદ પવિત્ર હોવા છતાં ઈરાન આ દાવ ખેલી રહ્યું છે તેનું કારણ ચીન અને રશિયા મનાય છે. ચીન સામ્યવાદી છે તેથી ધર્મ સાથે તેને કંઈ લેવાદેવા નથી. રશિયાનાં મૂળિયાં પણ સામ્યવાદી જ હોવાથી તેને પણ કોઈની ધાર્મિક માન્યતાઓ સાથે નાહવા નિચોવવાનો સંબંધ નથી તેથી તેમણે ઈરાનને જેરુસલેમ પર હુમલો કરીને ધાર્મિક લાગણીઓ ભડકાવવાની સલાહા આપી હોવાનું શક્ય છે. બંને પાછલે બારણે મદદ કરી રહ્યાં હોવાથી જ ઈરાન ટકેલું છે તેથી તેમની સલાહ માથે ચડાવીને ઈરાને પણ આગ સાથે રમત માંડી દીધી છે.

### ભારત તેના કુદરતી જરૂરતનો ૫૦ ટકા હિસ્સો ઘરઆંગણે તૈયાર કરી શકે છે.

# ગેસની તંગી સામે સરકારે વિકલ્પ શોધવો અનિવાર્ય

• સરકાર પણ હાલત ચિંતાજનક હોવાનું સ્વીકારી રહી છે. સરકાર આ માટે ભારે પ્રયાસ કરે છે, પણ આ જરૂરત પૂરી કરવા માટેના વિકલ્પો બહુ મર્યાદિત રહ્યા છે. આપણા દેશમાં એલપીજીના ૩૩ કરોડ જોડાણો છે.

ખાડી દેશોમાં ચાલતા સમરાંગણે દુનિયાભરને સંખ્યાબંધ બોધપાઠ આપવા શરૂ કર્યા છે. લગભગ તમામ દેશોને ક્રૂડ તેલના ભાવો અને અછતની અસર પડી રહી છે. ભારત પણ આમાંથી બકાત નથી. ભારત તેના રાંધણગેસના લગભગ ૩૩ કરોડ વપરાશકારોને એલપીજીની જરૂરત પૂરી કરવા આકાશ-પાતાળ એક કરી રહ્યું છે. એલપીજીની અછતને લીધે દેશમાં જ્યારે ચોતરફ ચિંતા જાગી રહી છે ત્યારે આ કટોકટીએ ભારતને એલપીજીનો વિકલ્પ ઊભો કરવાના લાંબાગાળાનાં પગલાં લેવાની અનિવાર્યતા સામે આણી છે. ખાડી દેશોની અશાંતિ જેમ-જેમ લંબાતી જાય છે તેમ-તેમ ભારત સામે એલપીજીની કટોકટી વધુ ને વધુ ઘેરી બની રહી છે. સરકાર પણ હાલત ચિંતાજનક હોવાનું સ્વીકારી રહી છે. સરકાર આ માટે ભારે પ્રયાસ કરે છે, પણ આ જરૂરત પૂરી કરવા માટેના વિકલ્પો બહુ મર્યાદિત રહ્યા છે. આપણા દેશમાં એલપીજીના ૩૩ કરોડ જોડાણો છે. તેની માટે ગેસનો ૬૦ ટકા જથ્થો આયાત કરવો પડી રહ્યો છે. આ આયાતનો ૯૦ ટકા હિસ્સો હોર્મુઝ સમુદ્રધુનિ વાટેથી ભારત પહોંચતો રહ્યો છે. ખાડી દેશોની સ્થિતિને લીધે આ દરિયાઈ માર્ગ સાવ બંધ હોવાથી ઓલપીજીની ભારે અછત ઊભી થઈ છે. આવા સંજોગોમાં ભારતે પોતાની ઈંધણની જરૂરત અને બીજા પરની નિર્ભરતા અંગે ફેરવિચાર કરવાની તાતી જરૂરત વર્તાવા લાગી છે. એલપીજીની અછતને લીધે સરકારે કોમર્શિયલ બોટલોમાં કાપ મૂક્યો છે. આને લીધે નાના-મોટા રેસ્ટોરન્ટ અને ખાવાપીવાની દુકાનો બંધ થઈ ગયા છે. આ સંજોગોમાં સંખ્યાબંધ લોકોની રોજગારી પર અસર પડી રહી છે. સરકારે એલપીજીની સંગ્રહખોરીને રોકવા એસ્મા લગાવ્યો હોવા છતાં દેશભરમાં કાળાબજાર યથાવત્ હોવાના અહેવાલો પણ સામે આવતા રહ્યા છે. સરકારે હવે પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ને પ્રોત્સાહિત કરવાનાં પગલાં લેવા શરૂ કર્યાં છે. ભારત તેના કુદરતી જરૂરતનો ૫૦ ટકા હિસ્સો ઘરઆંગણે તૈયાર કરી શકે છે. વળી આ પ્રકારના કુદરતી ગેસની દુનિયામાં અલગ-અલગ માર્ગોથી આયાત પણ થઈ શકે છે. પેટ્રોલિયમ મંત્રાલયે રાજ્યોને પીએનજીનો ઉપયોગ વધારવા ખાસ યોજના પણ આપી છે. જે રાજ્ય તેને ત્યાં પીએનજીનાં ચલણને વધારવામાં મદદ કરશે તેને એલપીજીનો દસ ટકા વધુ હિસ્સો ફાળવવામાં આવશે. આ માટે નાના શહેરોમાં પીએનજીનાં માળખાંને મજબૂત કરવાની જરૂરત રહેશે અને જોડાણ આપવામાં ઝડપ કરવી પડશે. ખાડી દેશોની હાલત ક્યારે શાંત અને સ્થિર થશે એ કોઈ કહી શકે તેમ નથી. તેવામાં ક્રૂડ તેલની સાથોસાથ ગેસના પુરવઠા સામેના સવાલો વધુ ગંભીર થઈ શકે છે. ભારતે તેની ઘરઆંગણાની જરૂરત માટે પીએનજીનાં ચલણને વધારવાની સાથોસાથ અન્ય દેશો પાસેથી આયાતના વિકલ્પ તાકીદે તૈયાર કરવાની ખાસ જરૂરત છે. સરકારથી માંડીને સામાન્ય નાગરિક સુધી સૌનાં બજેટ ખોરવી નાખે એવી સ્થિતિનો ઉકેલ હવે વિના વિલંબે શોધવો જોઈએ.





### ભગવાનનો કાયમી નિવાસ આમ તો તેના ભક્તના હૃદયમાં જ હોય છે

# તમારે ઈન્સ્ટન્ટ નિર્વાણ જોઈએ છે?

**વડા પ્રધાનને અત્યારે મોટા આશીર્વાદની જરૂર નથી એટલે તે દ્વારકાપીઠના શંકરાચાર્યથી ચલાવી લે છે. ધર્મનિરપેક્ષ વડા પ્રધાનને આશીર્વાદ પણ જોઈ વિચારીને લેવા પડે.**

ભગવાન શ્રીકૃષ્ણે સદીઓ અગાઉ ગીતા દ્વારા પ્રજાને એવું પ્રૉમિસ આપ્યું હતું કે સંભવામિ યુગે યુગે. પૃથ્વી પર પાપનો અસહ્ય બોજ વધી જશે ત્યારે પૃથ્વી પરનું દબાણ ખસેડવા હું જન્મ લઈશ. અગાઉ તે અપ્રગટપણે મીરાંના ઝેરના પ્યાલાને અમૃતમાં પલટાવી નાખતા કે વગર બેલેન્સે નરસિંહ મહેતાની હૂંડી પાસ કરાવી દેતા (જોકે એમ તો નગરવાલા નામના એક સજ્જને પણ માત્ર ઈન્દિરાજીના અવાજની નકલ કરીને વગર બેલેન્સે બૅંકમાંથી રૂપિયા ૬૦ લાખ સેરવી લીધા હતા. પણ એ વાત અહીં અપ્રસ્તુત છે) પણ આ કળિકાળમાં પણ ભગવાને, અલબત્ત, જુદા જુદા નામથી જન્મ ધારણ કરવા માંડ્યા છે એટલું જ નહીં, સ્વયં પ્રગટ થઈ ચમત્કારો દ્વારા પોતાના અસ્તિત્વના પુરાવા પ્રજાને આપવા માંડ્યા છે.આપણે ત્યાં પહેલાં ઓરિજિનલ એટલે કે અસલી સાંઈબાબા હતા, શિરડીવાળા - તે બહુ ચમત્કારો નહોતા કરતા, તે દેવ થઈ ગયા, ત્યાર બાદ પુટ્ટપર્તીના બીજા સાંઈબાબા હાલ વિદ્યમાન છે જેમના નામથી આગળ સત્યનું વિશેષણ જડબેસલાક થઈ ગયું છે. આ સત્ય સાંઈબાબા હવામાંથી ભસ્મ જ નહી જાપાન મેઈકની ઈમ્પોર્ટેડ ઘડિયાળ કાઢતા ને પોતાના એકાદ પરમ ભક્તને ચૂંટીને, પ્રસાદ રૂપે તે ઘડિયાળ આપતા. પણ આ ઘડિયાળ ઘણી કીમતી હોવાને કારણે રોજની ફક્ત એક જ ઘડિયાળ આપવાનો ક્વોટા તેમણે નક્કી કર્યો હતો.આ સત્ય સાંઈબાબાની ઝેરોક્ષ નકલ જેવા સદ્દત બાલ સાંઈબાબા પણ ભગવાન તરીકે પ્રગટ થયા હતાં, જે સમયની માગ પ્રમાણે પોતાના ભક્તને, ઈન્સ્ટન્ટ કૉફીની જેમ ઈન્સ્ટન્ટ નિર્વાણ અપાવી શકતા હતાં. આ સાંઈબાબાના નામ આગળ બાલ છે, અર્થાત્ તે કંઈ સત્ય સાંઈબાબાની પૉકેટ એડિશન કે ચાઈલ્ડ એડિશન નથી, પૂર્ણ આવૃત્તિ છે. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ કે શ્રી શંકર વચ્ચે સ્પર્ધા નહોતી, શંકર તો અંદરથી રામને નમન કરતા એવો ઉલ્લેખ ધાર્મિક ગ્રંથોમાં છે, પરંતુ સત્ય સાંઈબાબા અને બાલ સાંઈબાબા વચ્ચે તીવ્ર હરીફાઈ હતી. સત્ય સાંઈબાબાના અસંતુષ્ટ ભક્તો બાલ સાંઈબાબાના શરણે જવા લાગ્યા હતા. ભગવાનનો કાયમી નિવાસ આમ તો તેના ભક્તના હૃદયમાં જ હોય છે, પણ આ બાલ સાંઈબાબા આંધ્ર પ્રદેશમાં કુર્નુલ નજીક તુંગભદ્રા નદીના કિનારે શ્રીનિલયમ નામક એક આશ્રમમાં કાયમી વસવાટ કરતા હતાં, આ તેમનું પોસ્ટલ એડ્રેસ હતું. લાંબી બાંયવાળો ઝભ્ભો તે પહેરતા હતાં ને ઝભ્ભાવાળો હાથ ઊંચો કરે ને હાથમાંથી ભભૂતિ ખરવા માંડે. જાપાનની સિકો કંપનીનું નામ તેમણે સાંભળ્યું નહી હોવાને કારણે તેમજ જાપાનની ઘડિયાળ બનાવતી કોઈ કંપની સાથે તેમને કોલોબ્રેશન નહી હોવાથી તેમણે પોતાની હથેળીમાંથી મેઈડ-ઈન-જાપાનનાં ઘડિયાળ કાઢવાની ચેષ્ટા નથી કરી. આ એક એવા ઈશ્ર્વર હતાં જેમનું નામ પોતાના દુર્ભાગ્યને કારણે પ્રજાએ હમણાં સુધી સાંભળ્યું નહોતું. પણ અચાનક જ લોકોમાં શ્રદ્ધા પ્રગટાવ્યા બાદ તે પ્રગટ થયા.તે ભગવાન હોવાને લીધે બાળપણથી જ જાણી શક્યા હતા કે તે સ્વયં પરમાત્મા છે ને દુનિયાનાં દુ:ખ-દર્દ દૂર કરવા તેમણે દેહ ધર્યો છે. ઈશ્ર્વરની જેમ તેમને પણ ભૂતકાળ નથી ને હોય તો ભક્તોને તેની ખબર નથી.હા, તેમને એક મા છે જેને પેટે તેમણે અવતાર લીધો છે... મેડિકલ કોર્સ કર્યા વગર, ડૉક્ટરની ડિગ્રી લીધા વિના, એક બાહોશ સર્જનની જેમ સ્પર્શ માત્રથી તે દર્દીને સાજો કરી દે. તબીબી જ્ઞાનનું પ્રમાણપત્ર મેળવ્યા વગર કોઈ માણસ દર્દીઓ પર આવા અખતરા કરે તો ભારતીય કાનૂન પ્રમાણે તેના પર ફોજદારી રાહે પગલાં ભરવામાં આવે છે, પણ એ તો ક્ષુદ્ર માણસની વાત થઈ, આ તો ઈશ્ર્વરનો અવતાર જ નહીં, ખુદ ઈશ્ર્વર છે એટલે કાયદાથી ઉપર છે, પર છે. સરકારનું ઔષધનિયમન ખાતું પણ આ ભગવાન સામે કામ ચલાવવામાં લાચાર છે. એક દંતકથા પ્રમાણે આ બાલ સાંઈબાબાના આશ્રમમાં એક સ્ત્રી પોતાની આંધળી માને લઈને આવી, મા આંધળી હતી ને પોતાના પગ પર ઊભી રહેવા અસમર્થ હતી. બાબાના આશીર્વાદ માત્રથી જ મા તત્કાળ દેખતી થઈ ગઈ ને ચાલવા પણ માંડી. ભગવાન શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને દેખતા નહોતા કરી શક્યા. આ સાંઈબાબાએ અંધ સ્ત્રીની આંખો પર હાથ ફેરવ્યો અને દેખતી થઈ ગઈ. આ વાત જાણી આંખના કોઈ પણ ડૉક્ટર - આઈ સ્પેશ્યાલિસ્ટની આંખે અંધારાં આવી જશે!આ બાબાના પ્રભાવથી આકર્ષાઈને કેન્દ્ર તેમ જ રાજ્યના પ્રધાનો અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સુદ્ધાં તેમના દર્શન તથા તેમના આશીર્વાદ મેળવવા આવી જાય છે. ના, હજી સુધી વડા પ્રધાન તેમને મળવા નથી ગયા, માથે સંકટ આવશે ત્યારે તે પણ બાબા પાસે દોડી જશે એવી ખુદ બાબાને શ્રદ્ધા છે. વડા પ્રધાનને અત્યારે મોટા આશીર્વાદની જરૂર નથી એટલે તે દ્વારકાપીઠના શંકરાચાર્યથી ચલાવી લે છે. ધર્મનિરપેક્ષ વડા પ્રધાનને આશીર્વાદ પણ જોઈ વિચારીને લેવા પડે.આ બાલ સાંઈબાબા પોતાને જ એક મોટા ચમત્કાર તરીકે ઓળખાવે છે. અને આમ પણ ચમત્કાર તો ભક્તો માટે જ હોય છે, ભગવાન માટે નહીં. ચમત્કારથી ભક્તમાં શ્રદ્ધા જન્મે છે, વિકસે છે... એ જ રીતે તે પ્રાર્થના પણ કરતા નથી, ભગવાન ક્યા ભગવાનની પ્રાર્થના કરે! પ્રાર્થના કે સ્તુતિ તો ભક્તે કરવાની હોય, ભગવાને ભક્ત પાસે ક્યાં કશું લેવાનું હોય કે પ્રાર્થના કરવી પડે!પણ આ બાબા પ્રધાનોથી પ્રભાવિત હોય કે ગમે તે કારણ હોય, પોતાના આશ્રમનું ઉદ્ઘાટન તેમણે એક પ્રધાન પાસે કરાવ્યું હતું. માત્ર ટીવી પર પ્રસિદ્ધિ મેળવવાની ભાવનાથી ભગવાનને પ્રધાનનો ટેકો લેવો પડ્યો હતો. લોકપ્રિયતા મેળવવા કાજે ઈશ્ર્વરે પણ આધુનિક ટેક્નિકના શરણે જવું પડે છે. આ યુગ જાહેરાતનો છે. મંદિરમાં ઘંટ એ માટે રખાય છે. પ્રધાન ભગવાનને પ્રસિદ્ધિ અપાવે એ સામે ભગવાન તેમને ખુરશી ટકાઉ રહે તેવા આશીર્વાદ આપે છે. આદાન-પ્રદાન... બાલ સાંઈબાબા અત્યારે તો સત્ય સાંઈબાબાની જ નકલ કરી રહ્યા છે. હેરસ્ટાઈલ તેમ જ વસ્ત્રો એમના જેવાં ધારણ કરે છે. સિનિયર સાંઈબાબાથી અલગ તરી આવવા તે એક તદ્દન નવી ને મૌલિક પ્રકારની ડિઝાઈનવાળાં વસ્ત્રો તૈયાર કરાવવાનું વિચાર રહ્યા છે. સિનિયર સાંઈબાબા કરતાં બાલ સાંઈબાબા એક વાતે આગળ છે,








# લેકમે ફેશન વીક ૨૦૨૬ - ફેશન, ક્રિએટિવિટી અને ગ્લેમરને એકસાથે લાવીને રેમ્પ જીવંત બની ગયો

લેકમે ફેશન વીકમાં આ વર્ષે ફેશન અને ગ્લેમરનું ભવ્ય મિશ્રણ જોવા મળ્યું, ફેશન ડિઝાઇન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા સાથે મળીને આયોજિત આ ઇવેન્ટ ૧૯ માર્ચે શરૂ થઈ અને ૨૨ માર્ચે મુંબઈનાં જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પૂર્ણ થઈ. ત્રણ દિવસ ચાલેલી આ ફેશન ઇવેન્ટમાં બોલિવૂડનાં અનેક સેલિબ્રિટીઝે શો-સ્ટોપર બનીને રેમ્પને રોશન કર્યો. અદિતિ રાવ હૈદરીએ સત્યા પોલ માટે કો ક્રિએટિવ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું. તેનાં કલેક્શનમાં ફ્લુઇડ ડ્રેપ્સ અને કન્ટેમ્પરરી સિલ્વેટ્સ જોવા મળ્યાં. દિશા પટ્ટનીએ અમિત અગ્રવાલના આંખ આંજી દે એવાં બ્લેક લેહંગામાં બધાનું ધ્યાન ખેંચ્યું, જેમાં વન-શોલ્ડર બ્લાઉઝ, કટ-આઉટ ડિઝાઇન અને મેટાલિક એમ્બેલિશમેન્ટ્સ હતાં.ડાયાના પેન્ટી વરાંડાનાં નેવી બ્લૂ મેગ્નોલિયા મેક્સી કાફ્તાનમાં ઇઝી અને સ્ટાઇલિશ લાગી, જેમાં ફ્લોરલ અને જીઓમેટ્રિક પ્રિન્ટ્સ જોવા મળી. કલ્કી કેકલાંએ મેક્સ ફેશન માટે મિનિમલિસ્ટ ઓલ-વ્હાઇટ લુકમાં રેમ્પ વોક કર્યું અને ફૂલોથી ભરેલી બેગ સાથે લુક પૂર્ણ કર્યો. સિદ્ધાંત ચતુર્વેદીએ પણ મેક્સ ફેશન માટે વોક કર્યું અને ફંકી બ્રોચેસવાળા ક્રિસ્પ વ્હાઇટ જેકેટમાં હાઇ-ફેશન લૂક આપ્યો. જ્યારે અલાયા એફે સિટ્રિન ક્રોપ ટોપ અને લો-રાઇઝ બ્લૂ ડેનિમ્સમાં પેપ્પી-રેટ્રો સ્ટાઇલ સાથે રેમ્પ વોક કર્યું હતું. તો જેનઝી સ્ટાર અનીત પડ્ડાએ પેરો માટે શો-સ્ટોપર બની, બ્લૂ અને વ્હાઇટ ફ્લોરલ ડ્રેસ અને શોર્ટ જેકેટમાં કમ્ફર્ટેબલ લુક રજૂ કર્યો હતો.



# જો મને કંઈ ગમશે તો, હું ચોક્કસ ટ્રાય કરીશ

અભિનેત્રી અલાયા એફે તાજેતરમાં ફિટનેસ, ફેશન અને સમર સ્ટાઇલ અંગે ખુલીને વાત કરી છે. પોતાનાં સ્પષ્ટ અને રિયલ અભિગમ માટે જાણીતી આ એક્ટ્રેસે એક ઇન્ટરવ્યુમાં પોતાની વ્યક્તિગત પસંદગી અને બદલાતી સ્ટાઇલ વિશે રસપ્રદ વાતો કરી હતી.

ફિટનેસ વિશે વાત કરતાં અલાયા એફે જણાવ્યું કે તે ક્યારેય એક જ રૂટિનમાં બંધાતી નથી, પરંતુ હંમેશા નવી ચેલેન્જ ટ્રાય કરતી રહે છે. "હું હંમેશા નવી વસ્તુઓ શીખવાનો પ્રયાસ કરું છું. હાલમાં હું હેન્ડસ્ટેન્ડ પ્રેસ શીખવાનો પ્રયત્ન કરી રહી છું, જે ખૂબ જ મુશ્કેલ છે." તેની આ વાતથી સ્પષ્ટ થાય છે કે તે ફિટનેસમાં સતત પોતાની મર્યાદાઓ તોડીને આગળ વધવાની કોશિશ કરે છે. ફેશન અંગે તેણે સરળ અને પ્રેક્ટિકલ સલાહ આપી. "તમારા બૉડી ટાઇપ પ્રમાણે ડ્રેસ પહેરો, જે તમને ખુશ રાખે તે પહેરો, વધુ વિચાર ન કરો અને પોતાની રીતે રહો."

સમર સીઝન માટે તેની ત્રણ જરૂરી આઇટમ્સ છે – ડેનિમ શોર્ટ્સ, એક સફેદ શર્ટ અને સનગ્લાસિસ. ઓફ-ડ્યુટી લૂક માટે તે સિમ્પલ સ્ટાઇલ પસંદ કરે છે. અલાયા કહે છે, "મારો ગો-ટુ આઉટફિટ ક્રેક્ડ પેન્ટ્સ, બ્લેક સિંગલેટ છે – બસ એટલું જ."

ફેશનમાં સસ્ટેનેબિલિટી અંગે પણ તેણે મહત્વની સલાહ આપી હતી. "ફાસ્ટ ફેશન ખરીદવાનું ટાળો, કપડાંનો ફરીથી ઉપયોગ કરો, મિત્રો સાથે શેર કરો અને સારી ક્વોલિટીના કપડાં લો જેથી લાંબા સમય સુધી ચાલે."

અલાયા એફે એવું પણ જણાવ્યું કે તે નવી સ્ટાઇલ્સ અજમાવવામાં હચકાતી નથી. અલાયાએ

કહ્યું, "જો મને કંઈ ગમે, તો હું ચોક્કસ ટ્રાય કરું. પહેલાં મને એનિમલ પ્રિન્ટ બિલકુલ પસંદ નહોતી, પણ હવે મને તે ગમવા લાગી છે, તેથી હું તે પણ ટ્રાય કરી શકું." ફિટનેસ અને ફેશન વિશેની તેની આ ખુલા દિલની વાતચીતથી સ્પષ્ટ થાય છે કે અલાયા એફ આજની યુવા પેઢી માટે એક એવો અવાજ બની રહી છે, જે ઓથેન્ટિસિટી, કમ્ફર્ટ અને પોતાની ઓળખને મહત્વ આપે છે.

# કરણની રણવીર, આલિયા અને વિકી કૌશલ સાથે 'તખ્ત' બનાવવાની ઈચ્છા અકબંધ

કરણ જોહરે ૨૦૨૦માં પોતાની પિરિયડ ડ્રામા 'તખ્ત'ની જાહેરાત કરી હતી. ફિલ્મ પર ત્યારે ઘણી ચર્ચા થઈ હતી. જોકે, ફિલ્મ ક્યારેય બની શકી નહીં. તાજેતરમાં આ ડિરેક્ટર-પ્રોડ્યુસરે ખુલાસો કર્યો કે તે આ પ્રોજેક્ટને ફરી જીવંત કરવાનું વિચારે છે.,વિકી કૌશલ, આલિયા ભટ્ટ, રણવીર સિંહ, કરીના કપૂર ખાન અને ઘણા અન્ય લોકો કરણ જોહરના મેગ્નમ ઓપસ તખ્તમાં જોવા મળવાના હતા. ફિલ્મ ૨૦૨૧ના અંત સુધી સિનેમાઘરોમાં રિલીઝ થવાની અપેક્ષા હતી. પરંતુ પેન્ડેમિક અને અન્ય કારણોસર, ફિલ્મ ક્યારેય બની નહીં.

ત્યારે તાજેતરમાં એક ઇટરવ્યુમાં કરણ જોહરે જણાવ્યું કે તખ્ત એવી ફિલ્મ છે જે તેઓ ચોક્કસપણે પોતાના જીવનકાળમાં બનાવશે. "હું તેને સૌથી મજબૂત સ્ક્રીનપ્લેમાંની એક માનું છું, જે સુમિત રોય દ્વારા લખવામાં આવી છે, જેનો પૂરેપુરો શ્રેય તેમને જાય છે. હું માનું છું કે આ મારી કારકિર્દીનું સૌથી શ્રેષ્ઠ લખાણ છે અને હું આશા રાખું છું કે એક દિવસ આ ફિલ્મ બનાવી શકું.

જ્યારે કલ્ટ ક્લાસિક 'કભી ખુશી કભી ગમ'ના પાર્ટ ૨ અંગે અટકળો ચાલી રહી છે, તેને અફવા ગણાવતા કરણે કહ્યું, "હું ક્યારેય દ્ધઉ૪ ૨ નહીં બનાવું; કારણ કે દ્ધઉ૪ અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ ફિલ્મ હતી, એટલે નહીં, બિલ્કુલ નહીં. દરેક ફિલ્મમાં ખામીઓ હોય છે, પરંતુ દ્ધઉ૪માં ભરપૂર યાદો અને સંભારણા જોડાયેલાં છે. હું ક્યારેય આ ફિલ્મને મળેલા પ્રેમ સાથે ચેડાં નહીં કરું, કારણ કે તમે જ્યારે દ્ધઉ૪ ૨ જેવી ફિલ્મ બનાવો છો ત્યારે તમે પોતાને મુશ્કેલીમાં મૂકો છો. તેથી હા, સચ્ચાઈ એ છે કે કોઈ દ્ધઉ૪ ૨ બનવાની નથી."



# અજય સરદારજી ફ્રેન્ચાઇઝીના ડિરેક્ટર રોહિત જુગરાજ સાથે હાઇ-કોન્સેપ્ટ હોરર ફિલ્મ બનાવશે



અજય દેવગન હવે ફરી એક વખત હોરર જોનરમાં પ્રવેશ કરવા તૈયાર છે, હવે તે ફિલ્મમેકર રોહિત જુગરાજ સાથે એક હાઈ-કોન્સેપ્ટ હોરર જોનરની ફિલ્મ માટે જોડાયો છે. આ અંગેના અહેવાલો મુજબ આ પ્રોજેક્ટ હાલ પ્રી-પ્રોડક્શનનાં તબક્કામાં છે અને આ અજય અને રોહિત જુગરાજ વચ્ચેનું એક રસપ્રદ કોલબરેશન છે. રોહિત જુગરાજ સરદારજી અને સરદારજી ૨ જેવી પંજાબી બ્લોકબસ્ટર હિટ્સ માટે જાણીતા ફિલ્મ મેકર છે.


કુમાર મંગત દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહેલી આ ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ તેને એક હાઈ-કોન્સેપ્ટ હોરર સ્ટોરી તરીકે તૈયાર કરવામાં આવી રહી છે, જેનો સિનેમેટિક સ્કેલ ભવ્ય હશે. આ પ્રક્રિયા સાથે જોડાયેલા સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, "આ નેરેટિવ એટમોસ્ફેરિક સ્ટોરીટેલિંગ પર આધારિત છે, જે તેને પરંપરાગત હોરર ફિલ્મોથી અલગ બનાવે છે. ફિલ્મનું મોટા પાયે શૂટિંગ લંડનમાં થશે અને હાલ મેકર્સ ટેક્નિકલ ડિપાર્ટમેન્ટ્સ અને સ્ક્રીનપ્લે ફાઇનલ કરવાની પ્રક્રિયામાં છે."

વધુમાં જાણવા મળ્યું છે કે ફિલ્મ માટે કાસ્ટિંગ પણ ચાલી રહ્યું છે, જેમાં ટીમ અજય દેવગનની મજબુત સ્ક્રીન પ્રેઝન્સ સાથે તાલ મિલાવી શકે તેવી કાસ્ટ લાવવા ઇચ્છે છે. સપોર્ટિંગ કાસ્ટની વિગતો હાલ જાહેર કરવામાં આવી નથી, પરંતુ મેકર્સ નવા ટેલેન્ટ અને જાણીતા ચહેરાઓનું મિશ્રણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ પ્રોજેક્ટ ખાસ મહત્વનો છે કારણ કે તે અજય દેવગનની ૨૦૦૩ની ફિલ્મ "ભૂત" પછી હોરર જોનરમાં કમબૅક કરી રહ્યો છે. અજયનો પ્યોર હોરર જોનરમાં પાછો પ્રવેશ ઇન્ડસ્ટ્રીમાં ચોક્કસ ઉત્સાહ વધારશે. રસપ્રદ રીતે, આ ફિલ્મ માટે એક આકર્ષક અને આકર્ષક નામ પણ નક્કી કરવામાં આવ્યું છે, જેને મેકર્સ જલ્દી જાહેર કરવાની યોજના બનાવી રહ્યા છે. જુલાઈથી શૂટિંગ શરૂ થવાનું નક્કી છે અને આ કોલબરેશન આવતા વર્ષના સૌથી વધુ અપેક્ષિત પ્રોજેક્ટ્સમાંનો એક બની રહ્યો છે. હાલમાં, અજય દેવગન મુંબઈમાં અક્ષય કુમાર સાથે ગોલમાલ ૫નું શૂટિંગ કરી રહ્યો છે. રોહિત શેટ્ટીની આ ફ્રેન્ચાઇઝી ૨૦૨૭માં વર્લ્ડવાઇડ સિનેમા હોલમાં રિલીઝ થવાની છે.

# શાહરુખને ખસવું પડ્યું... રણવીર માટે!



આજે આદિત્ય ધરની મચ અવેઈટેડ 'ધુરંધર ધ રિવેન્જ' રિલીઝ થઇ ગઈ છે. આમ તો ગઈકાલે સાંજથી જ એનાં પેડ પ્રિવ્યુ ચાલુ થઇ ગયા હતા (જે પૈસા ખર્ચીને મેં પણ જોયો!) પહેલો ભાગ ઓલરેડી 'કલ્ટ'ની કક્ષાએ પહોંચી ગયો છે એટલે આ બીજો ભાગ જોવા લોકો ખિસ્સાં ખાલી કરવામાં જરાય આનાકાની નથી કરી રહ્યાં. પહેલા ભાગે જ્યારે ગતિ પકડી ત્યારે તેનાં મોડી રાતનાં અને વહેલી સવારના શો ગોઠવાયાં હતાં. જોકે આ વખતે તો સિનેમા અને મલ્ટિપ્લેક્સ માલિકોને ખબર જ છે કે લોકોમાં આ બીજો ભાગ જોવા માટે કેટલો ક્રેઝ છે એટલે પહેલાં દિવસથી જ મોડી રાત્રી એટલે કે રાતનાં એક કે બે વાગ્યાના શો અને વહેલી સવારે છ વાગ્યાના શો ગોઠવી દેવામાં આવ્યાં છે. ઉપરાંત ફિલ્મની લંબાઈ ચાર કલાકની હોવાથી પણ આમ કરવું જરૂરી બન્યું છે.આ તો થઈ મૂળ વાત, પણ એક આડવાત એવી બની છે જે કદાચ આ મૂળ વાતને ઢાંકી દે. મુંબઈનાં ઐતિહાસિક મરાઠા મંદિરમાં વર્ષોથી શાહરૂખ ખાનની 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' નો સવારે સાડા અગિયારનો શો ચાલે છે, પરંતુ 'ધુરંધર'ના આ બીજા ભાગની 'રાડ' એટલી બધી છે કે આ થિયેટરનાં મેનેજમેન્ટે શાહરૂખની ફિલ્મને દોઢ કલાક આગળ ખસેડવી પડી છે. હવે 'ડીડીએલજે' મરાઠા મંદિરમાં સવારે દસ વાગ્યે શરૂ થશે, જેથી ચાર કલાક લાંબી 'ધુરંધર ભાગ ૨'નાં વધુને વધુ શો કરી શકાય...! આજનો છોકરો (રણવીર) ગઈ કાલના અનુભવી (શાહરુખ)ને ખસેડે એ પણ એક ઐતિહાસિક ઘટના કહી શકાય... હેં ને?! ભાઈજાનને પોતાની ફિલ્મનું નામ કેમ બદલવું પડ્યું?હમણા એક બપોરે અચાનક સમાચાર આવ્યા કે સલમાન ખાનની નેક્સ્ટ 'ધ બેટલ ઓફ ગલવાન'નું નામ બદલીને 'માતૃભૂમિ' કરી નાખવામાં આવ્યું છે. ઘણાંને આ સમાચાર વાંચી-જાણી-સાંભળીને આશ્ર્ચર્ય થયું હતું, પરંતુ તેનું સાચું કારણ હવે જાણવા મળ્યું છે. જ્યારે પણ કોઈ ઐતિહાસિક યુદ્ધ કે યુદ્ધ જેવી ઘટના પર ફિલ્મ બને તો તેની સ્ક્રિપ્ટ. વગેરે સરકારનાં અમુક ખાતાંઓમાં દેખાડવી પડતી હોય છે. એટલું જ નહીં, સરકારનાં જે-તે ખાતાં જે કોઈ નિર્દેશ આપે એ મુજબ ફિલ્મ મેકરોએ તેમાં ફેરફાર પણ લાવવાં પડે છે. સૂત્રોનું માનીએ તો ફિલ્મનું નામ બદલવા પાછળ સરકારનાં જ કોઈ ખાતાંનું સૂચન જવાબદાર છે. સરકારનાં માનવા પ્રમાણેફિલ્મમાં ગલવાનનું નામ જરા વધુ પડતું જ સજેસ્ટીવ છે, એટલેકે એમ ચોખ્ખે ચોખ્ખું ન કહી દેવાય કે આ ફિલ્મનો વિષય શું છે. બીજું, સરકારી ખાતાંએ એવી પણ સૂચના આપી હોવાનું જણવા મળ્યું છે કે વાર્તા ભલે ચીની સૈનિકોનાં દુસ્સાહસ સામે ભારતીય સૈનિકોની વીરતા બાબતની હોય, પણ ચીનને ઉતારી પાડતી કોઈ વાત અથવા તો વધુ પડતું 'એન્ટી ચીન' ક્ધટેન્ટ પણ ન હોવું જોઈએ. બસ, આ કારણસર ભાઈજાને ને પોતાની ફિલ્મનું નામ બદલવું પડ્યું છે. જોકે એમને વાંધો ન હોવો જોઈએ, કારણ કે ઓરિજિનલપ્લાન અનુસાર આ ફિલ્મ તો આજે આવવાની હતી, પણ 'ધુરંધર' સામે ભાઈજાને પણ બહાદૂરી'થી પીછેહઠ કરવી પડી છે... થોડાં દિવસો પહેલાં વિશ્વવિખ્યાત ઓસ્કર એવોર્ડ્સ યોજાઈ ગયા. કાયમની જેમ મીડિયા અને સોશ્યલ મીડિયામાં તેનાં વિષે ખૂબ ચર્ચા થઇ, પરંતુ ખરેખર કહીએ તો બોલિવૂડ થોડું ગુસ્સામાં પણ છે. કારણ એવું છે કે દર વખતે ઓસ્કર્સમાં ગત એવોર્ડ સમારંભ અને તાજા સમારંભ વચ્ચે જે-જે મોટાં અદાકારોનાં અવસાન થયાં છે એમને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે, પછી તે કોઈ પણ દેશનાં હોય.પરંતુ, આ વખતે યોજાયેલાં સમારંભમાં ધર્મેન્દ્રને શ્રદ્ધાંજલિ આપવામાં ન આવી. ચાલો, ધર્મેન્દ્રને આ પ્રકારનો અન્યાય થાય તો હેમા માલિનીને દુઃખ થાય એ સમજી શકાય છે, અને તેમણે જાહેરમાં પોતાનું દુઃખ વ્યક્ત પણ કર્યું, પરંતુ, વરિષ્ઠ અદાકાર શત્રુઘ્ન સિન્હાએ પણ આ બાબતે પોતાનું દુઃખ, અને રોષ વ્યક્ત કર્યો હતો. એવું લાગે છે કે હજી પણ 'ગોરા સાહેબો' આપણને અને આપણા ફિલ્મ ઉદ્યોગને રંગભેદની નજરે જ જુએ છે.કેમ? ઓસ્કર્સનાં એક જવાબદાર અધિકારી રોબ મિલ્સે ધર્મેન્દ્રને અવગણવાનું કારણ આપ્યું તેનાંથી તો એવું જ લાગે છે. મિલ્સને જ્યારે પૂછવામાં આવ્યું કે ભારતીય ફિલ્મ ઈતિહાસનાં મહાન અને સહુથી લોકપ્રિય કલાકાર ધર્મેન્દ્રને સમારંભ દરમ્યાન કેમ શ્રદ્ધાંજલિ ન આપવામાં આવી? તો રોબ મિલ્સે જવાબ આપતાં કહ્યું, એ તો 'અમુક લોકો' કાયમ રહી જ જતાં હોય છે,(એમાં શું ખાટું મોળું થઇ ગયું?) મિલ્સનાં આવા તોછડા અને ઉડાઉ જવાબથી એમ નથી લાગતું કે આવાં ઓસ્કર્સ પાછળ આપણે ખોટા ગાંડા થઈએ છીએ?(નોંધ: હેમાજીની નારાજગી અને 'ખામોશ' શત્રુજીના ઊહાપાહ પછી 'ઓસ્કર્સ' ની વેબસાઈટ પર ધર્મેન્દ્રજી અને મનોજ કુમારને શ્રદ્ધાંજલિ ઉમેરવામાં આવી છે ખરી !)

કટ એન્ડ ઓકે...

ગેસ સિલિન્ડરની અછત અમારાં ઘરને પણ અસર કરી ગઈ છે. ટિવંકલ દોડીને બે ઇન્ડક્શન સ્ટવ લઇ આવી છે!

# રિશભ પંત માટે આઈપીએલની આ સિઝન નિર્ણાયક બની રહેશે

## ભારતનો સ્ટાર બેટર અને લખનૌનો કેપ્ટન પંત આ વખતે સુપર જાયન્ટ્સ માટે ત્રીજા ક્રમે બેટિંગ કરશે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં છેલ્લી કેટલીક સિઝનથી પોતાની પ્રતિષ્ઠાને અનૂરૂપ પ્રદર્શન કરવામાં નિષ્ફળ જઈ રહેલા ભારતના સ્ટાર ક્રિકેટર રિશભ પંત માટે ૨૦૨૬ની આઈપીએલની સિઝન નિર્ણાયક બની શકે છે.

૨૮મીથી શરૂ થઈ રહેલી આઈપીએલની આ સિઝન લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન પંત માટે 'કરો યા મરો' જેવી સાબિત થઈ શકે તેમ છે. જેમાં તે ત્રીજા ક્રમ બેટિંગ કરવા માટે તૈયારી કરી રહ્યો છે. ૨૦૨૫ની મેગા હરાજીમાં લખનૌની ફ્રેન્ચાઈઝીએ પંતને રેકોર્ડ ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો ત્યાર બાદ સુપર જાયન્ટ્સના કેપ્ટન તરીકે તેની આ બીજી સિઝન પર સૌની નજર રહેશે.

ગયા વર્ષની નિરાશા બાદ જો પંત એક લીડર અને ટોપ-ઓર્ડર બેટર તરીકે સફળ થાય છે તો જ તે ભવિષ્યમાં ભારતની ટી૨૦ ટીમનો હિસ્સો બની શકશે. હાલમાં પંત માત્ર ટેસ્ટ ટીમમાં કાયમી સ્થાન ધરાવે છે જ્યારે વન-ડેમાં તે કે એલ રાહુલના બેક-અપ વિકેટકીપર તરીકે છે. ૨૦૨૪માં ભારતના વર્લ્ડ કપ વિજય બાદ પંતે ટી૨૦ ટીમમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હતું. સંજુ સેમસન અને ઈશાન કિશનના શાનદાર ફોર્મને જોતા પંતે ટીમમાં પુનરાગમન કરવા માટે કાંઈક ખાસ પ્રદર્શન કરવું પડશે. તેથી જ આગામી આઈપીએલ તેના માટે માત્ર ઊંચી કિંમત સાર્થક કરવા પૂરતી નથી પરંતુ ટી૨૦ ફોર્મેટમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ મહત્વની છે. ગયા વર્ષે પંત મુખ્યત્વે નંબર ચાર પર રમ્યો હતો પરંતુ સિઝનને અંતે તેણે ત્રીજા ક્રમે બેટિંગ કરી હતી. આ વખતે પંત માટે જગ્યા બનાવવા નિકોલસ પૂરન બેટિંગ ક્રમમાં નીચે ઉતરશે. ચોથા, પાંચમા અને છઠ્ઠા સ્થાનો પરિસ્થિતિ મુજબ બદલાતા રહેશે. લખનૌનું ટીમ મેનેજમેન્ટ અને જસ્ટિન લેંગરના



માર્ગદર્શન હેઠળના કોચિંગ સ્ટાફ પંતના બેટિંગ ક્રમ બાબતે સ્પષ્ટ છે. આઈપીએલના સૂત્રોએ જણાવ્યું હતું કે, "પંતની રમત નંબર ત્રણ માટે સૌથી અનુકૂળ છે. આ સિઝનમાં ટોપ-ઓર્ડરમાં એઈડન માર્કરમ, મિચેલ માર્શ અને પંત નિશ્ચિત છે. ગયા વર્ષે મયંક યાદવ અને મોહસિન ખાન જેવા ઝડપી બોલરો ઈજાને કારણે ઉપલબ્ધ ન હોવાથી બોલિંગ વિભાગ નબળો રહ્યો હતો. આ વર્ષે મયંક યાદવ ફિટ છે પરંતુ તેણે નેટ્સમાં વધુ પ્રેક્ટિસ કરવાની જરૂર છે. ટીમ પાસે આવેશ ખાન અને એનરિચ નોર્કિયા જેવા વિકલ્પો પણ છે. સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે પંતને આ સિઝનમાં સૌથી વધુ દબાણ હેઠળ રહેલા ખેલાડી તરીકે વર્ણવ્યો છે. તેણે જણાવ્યું હતું કે ગયા વર્ષે ટીમ અને પંત બંને સંઘર્ષ કરી રહ્યા હતા. જ્યારે તમે કેપ્ટન હો ત્યારે રન બનાવવા એ તમારી પ્રાથમિક જવાબદારી છે. જો તે રન ફટકારશે તો દબાણ ઓછું થશે પરંતુ ગયા વર્ષે ટીમનું પ્રદર્શન અને પંતનું વ્યક્તિગત ફોર્મ બંને ચિંતાજનક હતા." લખનૌ સુપર જાયન્ટ્સ તેની પ્રથમ મેચ પહેલી એપ્રિલે દિલ્હી કેપિટલ્સ સામે રમશે.

# IPLમાં રમવા ઓસ્ટ્રેલિયન બોર્ડે સ્ટાર્કને મંજૂરી આપી નથી

## સ્ટાર્ક સમયસર પહોંચી જાય તેવી તેની ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સને આશા

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની શરૂઆત અગાઉ તેની ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સની મુશ્કેલીઓમાં વધારો થતો જાય છે કેમ કે ટીમના મુખ્ય ઝડપી બોલર મિચેલ સ્ટાર્કને હજી સુધી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) તરફથી 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' (એનઓસી) મળ્યું નથી. સોમવારે ફ્રેન્ચાઈઝી દ્વારા આ અંગે સત્તાવાર જાણકારી આપવામાં આવી હતી.



મીડિયા સાથેની ચર્ચામાં દિલ્હી કેપિટલ્સના હેડ કોચ હેમાંગ બદાણી, ક્રિકેટ ડિરેક્ટર વેણુગોપાલ રાવ અને ઓલરાઉન્ડર અક્ષર પટેલને સ્ટાર્કની ઉપલબ્ધતા વિશે અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વેણુગોપાલ રાવે જણાવ્યું હતું કે તે ચોક્કસપણે આવી રહ્યો છે, માત્ર પ્રક્રિયામાં થોડો સમય લાગી રહ્યો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેના વર્કલોડ અને ફિટનેસ પર નજર રાખી રહ્યું છે અને અમે પણ તેના પર ધ્યાન આપી રહ્યા છીએ." સ્ટાર્કની ગેરહાજરીમાં અન્ય પ્લાન અંગે પણ સવાલો થયા હતા. જો મિચેલ સ્ટાર્ક પહેલી એપ્રિલે લખનૌ સુપર જાયન્ટ્સ સામેની પ્રથમ મેચ સુધી પહોંચી ન શકે તો તેના સ્થાને કોને રમાડવામાં આવશે તે અંગે પણ ચર્ચા થઈ હતી. આ વિશે દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલને પૂછવામાં આવ્યું કે સ્ટાર્કની જગ્યાએ ડાબોડી ઝડપી બોલર ટી. નટરાજન રમી શકે છે તો તેણે જણાવ્યું હતું કે હાલમાં તો આ કહેવું મુશ્કેલ છે. જો સ્ટાર્કને સમયસર મંજૂરી મળી જાય તો તે પહેલી મેચ અગાઉ આવી શકે છે. જો તે ઉપલબ્ધ નહીં હોય તો અમારો નિર્ણય માત્ર ડાબોડી બોલરને બદલે ડાબોડી બોલર જ' રાખવો તેવો નહીં પણ ટીમના યોગ્ય કોમ્બિનેશન પર આધારિત હશે. જોકે, નટરાજન અત્યારે ૧૦૦ ટકા ફિટ છે અને લયમાં છે." મિચેલ સ્ટાર્ક ગયા વર્ષે સ્ટાર્કે ૧૧ મેચમાં ૧૪ વિકેટ ઝડપીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. ખભાની ઈજાને કારણે નટરાજન ગયા વર્ષે માત્ર બે જ મેચ રમી શક્યો હતો પરંતુ આ વખતે તે સંપૂર્ણ રીતે સ્વસ્થ છે.

# શ્રીલંકાનો શનાકા PCLમાંથી નીકળી IPLમાં જોડાશે

## પાકિસ્તાન સુપર લીગને વધુ એક ફટકો, IPL માટે શનાકાએ પાક. જવાનું ટાળ્યું



પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ના આયોજનમાં હંમેશાં અનિશ્ચિતતા રહેલી હોય છે અને તમાં ભાગ લેનારા ખેલાડી મોટા ભાગે દ્વિધામાં જ રહેતા હોય છે તેમાં હવે શ્રીલંકાની ક્રિકેટ ટીમના કેપ્ટન સુન શનાકાએ ભારતમાં આઈપીએલમાં રમવા માટે પીએસએલમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. આમ પીએસએલ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે.

શ્રીલંકાનો કેપ્ટન અને ઓલરાઉન્ડર દાસુન શનાકા આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જોડાશે અને ઈજાગ્રસ્ત સેમ કરનના સ્થાને રાજસ્થાન રોયલ્સે તેની સાથે કરાર કર્યો છે.

આ ઉપરાંત ઝિમ્બાબ્વેના ઝડપી બોલર બ્લેસિંગ મુઝારાબાનીએ બાંગ્લાદેશી બોલર મુસ્તાફિઝુર રહેમાનના સ્થાને કોલકાતા નાઈટ રાઈડર્સમાં જોડાવા માટે ઈસ્લામાબાદ યુનાઈટેડ સાથેનો પોતાનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો. આમ પીએસએલ છોડીને ભારતની આઈપીએલમાં જનારો શનાકા તાજેતરનો બીજો વિદેશી ક્રિકેટર બન્યો છે.

પાકિસ્તાન સુપર લીગ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે દાસુન શનાકાનું પીએસએલમાં જોડાણ માટેનું પેપરવર્ક બાકી છે અને આ કારણે તે ખસી ગયો છે પરંતુ આ પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા હતી. હવે તે રાજસ્થાન રોયલ્સની ટીમ તેની શરૂઆતની મેચ જ્યાં રમવાની છે તે ગુવાહાટી ખાતે ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે.

રાજસ્થાન રોયલ્સ તેમના અભિયાનની શરૂઆત ગુવાહાટીમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે કરશે. અત્યાર સુધી જાહેર કરાયેલા આ લીગના કાર્યક્રમ મુજબ પ્રથમ તબક્કામાં ગુવાહાટી રોયલ્સનું હોમગ્રાઉન્ડ છે.

દાસુન શનાકાના નેતૃત્વ હેઠળ સહ-યજમાન શ્રીલંકા આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ સ્ટેજમાંથી જ બહાર ફેંકાઈ ગયું હતું. શનાકાએ આ વર્લ્ડ કપમાં ૧૬૫ રન ફટકાર્યા હતા, જેમાં પાકિસ્તાન સામેના ૩૧ બોલમાં અણનમ ૭૬ રનનો પણ સમાવેશ થતો હતો. આ ઉપરાંત તેણે ત્રણ વિકેટ પણ ઝડપી હતી.

ગયા ડિસેમ્બરમાં આઈપીએલની મિની હરાજીમાં વેચાયા વિના રહ્યા બાદ શનાકાને પાકિસ્તાન સુપર લીગની ફ્રેન્ચાઈઝી લાહોર કલંદર્સ દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે શ્રીલંકાના મહાન ક્રિકેટર કુમાર સંગાકારા રાજસ્થાન રોયલ્સના મુખ્ય કોચ છે, જ્યારે ભારતના ભૂતપૂર્વ બેટિંગ કોચ વિક્રમ રાઠોર ટીમના સહાયક કોચ છે. વિક્રમ રાઠોર તાજેતરના વર્લ્ડ કપ દરમિયાન શ્રીલંકાના કન્સલ્ટિંગ બેટિંગ કોચ તરીકે કાર્યરત હતા.

# ઇમ્પેક્ટ પ્લેયરનો નિયમ મને પસંદ નથી:અક્ષર

## IPL : ટી૨૦ લીગના આ નિયમની ટીકા કરનારાઓમાં દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન પણ જોડાયો



ક્રિકેટ વિશ્વની સૌથી લોકપ્રિય અને ધનાઢ્ય એવી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ઈમ્પેક્ટ પ્લેયરના નિયમની ઘણાએ ટીકા કરી છે જેમાં હવે ભારતીય ક્રિકેટ ટીમના આધારભૂત ઓલરાઉન્ડર અને આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલનો ઉમેરો થયો છે. તેણે સોમવારે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમની ટીકા કરી હતી અને કહ્યું હતું કે "ઓલરાઉન્ડરો માટે આ નુકસાનકારક નિયમ છે"

અક્ષર પટેલે આ ટી૨૦ લીગના 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ સામે નારાજગી વ્યક્ત કરી છે. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા બાદ હવે અક્ષર પટેલે પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે આ નિયમ ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધરૂપ બની રહ્યો છે. સોમવારે પત્રકારો સાથેની ચર્ચામાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ પર પ્રહાર કરતાં અક્ષર પટેલે સ્પષ્ટ કર્યું કે તેને આ નિયમ પસંદ નથી. તેણે જણાવ્યું હતું કે અગાઉ ટીમો સંતુલન જાળવવા માટે ઓલરાઉન્ડરો પર નિર્ભર રહેતી હતી. હવે આ નિયમને કારણે ટીમો વધારાના બેટર અથવા બોલરને મેદાનમાં ઉતારે છે. જેનાથી ઓલરાઉન્ડરની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે.

વ્યક્તિગત અભિપ્રાય રજૂ કરતાં અક્ષરે હસતા હસતા કહ્યું કે "હું પોતે ઓલરાઉન્ડર છું એટલે મને આ નિયમ નથી ગમતો. જોકે, નિયમ એ નિયમ છે અને અમારે તેને અનુસરવો પડે છે."

આ અગાઉ રોહિત શર્માએ પણ કહ્યું હતું કે આ નિયમ ભારતીય ક્રિકેટમાં ઓલરાઉન્ડરો તૈયાર થતા અટકાવે છે. હાર્દિક પંડ્યાના મતે હવે ટીમમાં ઓલરાઉન્ડર તરીકે સ્થાન મેળવવું ખૂબ મુશ્કેલ બની ગયું છે કેમ કે ખેલાડીએ બેટિંગ અને બોલિંગ બંનેમાં અસાધારણ પ્રદર્શન કરવું પડે છે, નહીતર ટીમ 'ઈમ્પેક્ટ પ્લેયર' દ્વારા નિષ્ણાત ખેલાડીને બોલાવી લે છે. ગઈ સિઝનમાં અક્ષરે અગાઉની સિઝન (૨૬૪ બોલ) કરતા ઓછા બોલ (૨૦૪ બોલ) ફેંક્યા હતા. જોકે, તેણે સ્પષ્ટ કર્યું કે આ માટે ઈમ્પેક્ટ પ્લેયર નિયમ જવાબદાર નથી, પરંતુ તેની આંગળીની ઈજા જવાબદાર હતી. "ચેમ્પિયન્સ ટ્રોફી બાદ મારી આંગળીમાં કાપો પડ્યો હતો જે બોલની સીમ લાગવાને કારણે ઊંડો થયો હતો. હું બોલ પર ભાર આપી શકતો ન હતો. સાત મેચ પછી સ્થિતિ સુધરતા મેં વધુ બોલિંગ કરવાનું શરૂ કર્યું હતું. તેમ અક્ષર પટેલે ઉમેર્યું હતું. ભારતીય ટીમે તાજેતરમાં સતત બીજી વાર ટી૨૦ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. ઘણા લોકો આ ટીમને ૨૦૦૦ના દાયકાની ઓસ્ટ્રેલિયન ટીમ જેવી 'સર્વશ્રેષ્ઠ' ગણાવી રહ્યા છે. આ અંગે અક્ષરે કહ્યું હતું કે તે સર્વકાલી મહાન (ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ) જેવા ટેગમાં માનતો નથી.

# IPL ૨૦૨૬ શરૂ થાય તે પહેલા મોટો ફેરફાર, BCCI એ કડક નિયમો લાગુ કર્યા

## ખેલાડીઓએ ફક્ત ટીમ બસ દ્વારા જ સ્ટેડિયમમાં આવવાનું રહેશે; પરિવાર અને મિત્રોએ અલગ વાહનોમાં આવવું પડશે, મેચના દિવસે પ્રેક્ટિસ નહીં કરી શકાય

ન્યુ દિલ્હી : ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની આગામી સીઝન પહેલા, BCCI એ ઘણા નવા નિયમો લાગુ કર્યા છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે મેચના દિવસોમાં કોઈપણ ટીમને પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણયનો હેતુ મેદાનની ગુણવત્તા જાળવવા અને ખેલાડીઓ પર દબાણ ઘટાડવાનો છે.

નવા નિયમ હેઠળ, ટીમોને હવે મેચના દિવસે પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. BCCI માને છે કે આનાથી પિચ સારી સ્થિતિમાં રહેશે અને ખેલાડીઓને વધુ આરામ મળશે.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ સહિત અન્ય મેદાનો પર પ્રેક્ટિસ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. બંને ટીમોને અલગ-અલગ પ્રેક્ટિસ વિકેટ મળશે. કોઈપણ ટીમ બીજી ટીમની વિકેટનો ઉપયોગ કરી શકતી નથી. રેન્જ હિટિંગ માટે મર્યાદિત નેટ્સ અને સાઇડ વિકેટ ઉપલબ્ધ રહેશે. ખુલ્લા જાળી રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

મેચના દિવસે ડ્રેસિંગ રૂમમાં અને મેદાનમાં ફક્ત અધિકૃત સ્ટાફને જ મંજૂરી આપવામાં આવશે. બધા સપોર્ટ સ્ટાફ પાસે એક્રેડિટેશન કાર્ડ હોવું આવશ્યક છે. મેદાનમાં મર્યાદિત સંખ્યામાં સપોર્ટ સ્ટાફને જ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. ટીમ ડોક્ટરનો પણ આ મર્યાદામાં સમાવેશ કરવામાં આવશે.

મેચના દિવસોમાં ફિટનેસ ટેસ્ટની મંજૂરી આપવામાં આવશે નહીં. ખેલાડીઓએ ફક્ત ટીમ બસ દ્વારા જ સ્ટેડિયમમાં આવવાનું રહેશે. પરિવાર અને મિત્રોએ અલગ વાહનોમાં આવવું પડશે.

ખેલાડીઓ LED બોર્ડ પાસે બેસી શકશે





નહીં, સ્પોન્સરને પણ નિયમોનું પાલન કરવું આવશ્યક છે, ઓરેન્જ અને પર્પલ રંગની ટોપી પહેરવી ફરજિયાત રહેશે, મેચ પછીની પ્રેઝન્ટેશનમાં ડ્રેસ કોડ લાગુ રહેશે. બીસીસીઆઈના આ નવા નિયમો સ્પષ્ટપણે દર્શાવે છે કે બોર્ડ, આ વખતે આઈપીએલને વધુ સંગઠિત અને પ્રોફેશનલ બનાવવા માંગે છે. મેચ-ડે પ્રેક્ટિસ પર પ્રતિબંધ જેવા નિર્ણયો ટીમની વ્યૂહરચના અને ખેલાડીઓની તૈયારીમાં ફેરફાર કરી શકે છે.

# જીતવા માટે વધુ પડતા કઠોર થવાની જરૂર નથી!, ગૌતમ ગંભીરને 'દાદા'ની ટકોર

T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની જીત બાદ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરની ખૂબ પ્રશંસા થઈ રહી છે. તેના કાર્યકાળમાં ભારતે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું છે અને ટીમે ફરી એક વાર ICC ખિતાબ જીત્યો છે. જોકે, આ વચ્ચે પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ગંભીરને કેટલીક મહત્વપૂર્ણ સલાહ આપી છે. ગાંગુલીનું માનવું છે કે, ગંભીરમાં જીતવાનો જુસ્સો છે, પરંતુ તેણે પોતાનું વલણ થોડું નરમ રાખવાની જરૂર છે.

ગાંગુલીએ કહ્યું કે, 'ગૌતમ ગંભીર ખૂબ જ સ્પર્ધાત્મક વ્યક્તિ છે અને તે કોઈપણ કિંમતે જીતવા માગે છે. આ જ બાબત તેને અન્ય લોકોથી અલગ બનાવે છે. જોકે તેના મતે ગંભીરને અસરકારક બનવા માટે વધુ પડતા સખ્ત કે કઠોર બનવાની જરૂર નથી.' ગાંગુલીએ એમ પણ કહ્યું કે, 'ગંભીર એક સારો વ્યક્તિ છે.'

સૌરવ ગાંગુલીએ ગંભીરની એક વાતની ખૂબ પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું કે, ગંભીરે ટીમમાં 'ટીમ-ફર્સ્ટ' માનસિકતાને મજબૂત બનાવી છે. આનો અર્થ એ છે કે ધ્યાન કોઈ એક સ્ટાર ખેલાડી પર નહીં, પરંતુ સમગ્ર ટીમના સામૂહિક પ્રદર્શન પર રહ્યું છે. આ કોઈપણ સફળ ટીમની મોટી ઓળખ હોય છે. ગાંગુલીનું માનવું છે કે ગંભીર આ મામલે સારું કામ કરી રહ્યો છે અને આ જ કારણે ભારતને સફેદ બોલ ક્રિકેટમાં સફળતા મળી છે.

ગાંગુલીએ આગળ કહ્યું કે, ગંભીરે ટેસ્ટ ક્રિકેટમાં પણ ભારતના પ્રદર્શન પર ખાસ ધ્યાન આપવું જોઈએ. તેમના મતે ભારત પાસે સારા ઝડપી બોલરો અને મજબૂત બોલિંગ આક્રમણ છે, તેથી તેમણે ઘરેલુ ટેસ્ટ મેચોમાં વધુ પડતા ટર્નિંગ ટ્રેક બનાવવાની માનસિકતામાંથી બહાર આવી જવું જોઈએ.



ગાંગુલીનું માનવું છે કે ભારતીય બોલરો સારી અને સંતુલિત પિચો પર પણ મેચ જીતીડી શકે છે. તેમણે ઈશારો કર્યું કે ઘરેલુ પરિસ્થિતિઓને ફક્ત સ્પિન હિસાબે તૈયાર કરવાની ટેવ લાંબા ગાળે નુકસાન પહોંચાડી શકે છે. જો ભારત ટેસ્ટ ક્રિકેટમાં સતત મજબૂત રહેવા માંગે છે, તો પિચોને દિમાગમાંથી કાઢી નાખવી પડશે.

પૂર્વ કેપ્ટને એમ પણ કહ્યું કે, ગંભીરે અત્યાર સુધી સફેદ બોલ ક્રિકેટમાં સારું કામ કર્યું છે, પરંતુ તેની ખરી કસોટી ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ હશે. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિઓ ભારત માટે સરળ નહી હશે, તેથી કોચ અને ટીમ બંનેને ત્યાં એક અલગ પડકારનો સામનો કરવો પડશે.

# ઇન્ટર-સ્ટેટ સબ-જુનિયર, કેડેટ નેશનલ ટીટીનો ભવ્ય પ્રારંભ



UTT ૮૭મી ઈન્ટર-સ્ટેટ સબ-જુનિયર અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં બોયઝ અંડર-૧૫ (U-15) ટીમ સ્પર્ધાનો સોમવારથી હરેશ સાંગતાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આવેલા એમ. પી. મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે શરૂ થઈ રહી છે. ૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાનારી આ સ્પર્ધામાં કુલ ૩૨ ટીમ ટાઈટલ જીતવા માટે ભાગ લેશે. સોમવારે ભવ્ય ઉદઘાટન સમારંભ સાથે ચેમ્પિયનશિપનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ગાંધીધામ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, દ્વારા આ ટુર્નામેન્ટ ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે જીએસટીટીએના ચીફ પેટ્રન વિપુલ મિત્રાએ વિશેષ હાજરી આપી હતી. આ ઉપરાંત અલ્ટિમેટ ટેબલ ટેનિસ (યુટીટી)ના નિષાદ શાહ, તુલસી સુઝાન સહિત ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બોયઝ અંડર-૧૫ (U-15) ટીમ સ્પર્ધાની સોમવારથી શરૂઆત થઈ હતી જેમાં ભારતના જુદા જુદા રાજ્યની ૩૨ ટીમો ભાગ લેનારી છે. ટીમ ઈવેન્ટની સાથે જ યૂથ બોયઝ અંડર-૧૧ અને અંડર-૧૫ કેટેગરીની મેચો પણ સમાંતર શરૂ થઈ હતી.

પશ્ચિમ બંગાળની ટીમ ૬૦૦ પોઈન્ટ્સ સાથે સંચિત ક્રમાંકમાં ટોચ પર હોવાથી પ્રબળ દાવેદાર તરીકે ઉતરી રહી છે. ખાસ કરીને ડિફેન્ડિંગ ચેમ્પિયન PSPB એકેડમી આ વખતે નબળી હોવાથી બંગાળની ટીમ પર અપેક્ષાઓનું ભારણ વધારે છે. બંગાળની ટીમમાં આદિત્ય દાસ, રિશભ ચટ્ટોપાધ્યાય, હિમોન કુમાર મંડલ અને રૂદ્રનીલ જાના જેવા મજબૂત ખેલાડીઓ સામેલ છે, જે ટીમને ઊંડાણ અને સંતુલન પૂરું પાડે છે. તામિલનાડુ (૩૯૦ પોઈન્ટ્સ) અને મહારાષ્ટ્ર (૩૧૫ પોઈન્ટ્સ) તેમના નજીકના હરીફો છે, જેઓ બંગાળની સાતત્યતાને પડકાર આપી શકે તેવી સ્પર્ધાત્મક લાઈન-અપ ધરાવે છે. જોકે, સૌથી વધુ ધ્યાન ખેંચનારી ટીમોમાં યજમાન ગુજરાત હશે, જે ૧૮૨ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે. વિવાન દવે, દેવ ભટ્ટ, દ્વિજ ભાલોડિયા અને આરવ સિંઘવીના જોશથી ભરપૂર ખેલાડીઓ સાથે આ ટીમ ઘણી આશાસ્પદ લાગે છે.

વિવાન, જે અગાઉની આવૃત્તિમાં ગોલ્ડ મેડલ PSPB છ ટીમનો સદસ્ય હતો, તે આ ટીમને એક વિજેતાની ધાર આપે છે. જ્યારે બાકીના ખેલાડીઓ તેમની યુવા ઉર્જા અને વધતા અનુભવ સાથે તેનો સાથ આપી રહ્યા છે. ૧૩ વર્ષ બાદ આ ઈવેન્ટ કચ્છમાં પરત ફરી રહી છે ત્યારે ગુજરાતની ટીમ અપેક્ષિત એવી અતિશય ગરમી અને સ્થાનિક પ્રેક્ષકોના સમર્થનનો લાભ ઉઠાવીને પોતાના રેન્કિંગ કરતા પણ વધુ સારું પ્રદર્શન કરવાના પ્રયત્નો કરશે. આઠ દિવસની આ નેશનલ ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ) અને કચ્છ જિલ્લા ટેબલ ટેનિસ એસોસિયેશન (કેડીટીટીએ)ના સંયુક્ત ઉપક્રમે તથા ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટીટીએફઆઈ)ના નેજા હેઠળ યોજાશે.

## ગુજરાત સરકાર દ્વારા સત્તાવાર સ્પષ્ટતા

# રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ, અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ

### પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની જરૂર નથી, રાજ્ય પાસે પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધઃ અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધાર

**ગાંધીનગર,તા.૨૪**

ગુજરાતના અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓ વચ્ચે આજે રાજ્ય સરકાર, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેર જનતાને મહત્વની ખાતરી આપવામાં આવી છે.

આ સંદર્ભે અન્ન, નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખાંધારે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપો પર જરૂરિયાત મુજબનો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની અને પેનિક થવાની જરૂર નથી. આ ઉપરાંત રાજ્યમાં પૂરતો ઈંધણનો 'બફર સ્ટોક' પણ ઉપલબ્ધ છે, જેથી કોઈએ ગભરાવાની કે ખોટી ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.અધિક મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, અમુક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન-IOCLના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજીવ બહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ પેટ્રોલ-ડીઝલના ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઈન્વેન્ટરી ઉપલબ્ધ છે. જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરૂર નથી અને ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે.

ભારતના પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટે કહ્યું હતું કે, ઓઈલ કંપનીઓએ સપ્લાયના કલાકો વધાર્યા છે અને જથ્થામાં પણ વધારો કર્યો છે. વધુમાં, સોશિયલ મીડિયામાં આવતા ખોટા મેસેજ કે અફવાઓથી દોરાઈને પંપ પર ભીડ ન કરવી જોઈએ. ગુજરાતમાં ઈંધણની કોઈ જ તકલીફ નથી અને ભવિષ્યમાં પણ રહેશે નહી.

# શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર, ડીડોલી - સુરત દ્વારા ૧૦મો સ્નેહમિલન અને ઇનામ વિતરણ સમારોહ યોજાયો





**સુરત,તા.૨૪**

શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર, ડીંડોલી - સુરત દ્વારા ૧૦ મો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારોહ દાજીની વાડી વકતાણા ખાતે યોજાયો હતો દીકરીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું "ગૌરવ સન્માન"

અતિથિ વિશેષ અથર્વ ઈન્ટરનેશનલ સ્કૂલ ગોવિંદભાઈ પટેલ અને અનુપમ સર્જીકલ હોસ્પિટલ સાહેબ શૈલેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા મોટીવેશનલ સ્પીકર ચિરાગ કાનાણી પણ ઉપસ્થિત રહી લોકોને દિકરી વિષેશ સમાજના મહત્વ છે તે વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું શ્રી મોટા બાવન ૨૨ કડવા પાટીદાર પરિવાર (ડીંડોલી-સુરત) ના ૧૦મા સ્નેહમિલન સમારોહમા દાતાશ્રી સન્માન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા સમાજ સ્નેહમિલન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

# ગુજરાતની 'વોટર વોરિયર' સ્કૂલ બની મહેસાણાની તક્ષશિલા

### માત્ર ૪ લાખમાં વેડફાતા વરસાદી પાણીમાંથી તૈયાર કર્યુ પીવાલાયક પાણી, ચોટીલાની મુલાકાતે ગયા ને આઈડિયા સૂઝ્યો

**મહેસાણા,તા.૨૪**

મહેસાણા જિલ્લાની તક્ષશિલા શાળા ગુજરાતમાં જળ સંરક્ષણનું એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ બની છે. માત્ર ૪ લાખ રૂપિયાના ખર્ચે અમલમાં મૂકાયેલા રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ દ્વારા આ શાળાએ વેડફાતા વરસાદી પાણીને પીવાલાયક બનાવી, ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ૮ મહિના સુધી શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડ્યું છે. ચોટીલાની મુલાકાત દરમિયાન મળેલા આઈડિયાને અમલમાં મૂકીને શાળા સંચાલકોએ દર્શાવ્યું છે કે, ઓછા ખર્ચે પણ પર્યાવરણ અને બાળકોના સ્વાસ્થ્ય માટે મોટી ક્રાંતિ શક્ય છે. આ પ્રયાસ અન્ય સ્કૂલો માટે પણ જળ સંરક્ષણનું એક મજબૂત મોડેલ બની રહ્યું છે.



ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં ઉનાળા દરમિયાન અમુક સ્કૂલોમાં પીવાના પાણી માટે બાળકોએ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે ત્યારે મહેસાણાના સરદારધામ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી એક શાળાએ રેઈન વોટર હાર્વેસ્ટિંગની મદદથી પીવાના પાણીના પ્રશ્નનો હલ લાવી દીધો છે. સ્કૂલ દ્વારા પટાંગણમાં જ ૨૫-૨૫ હજાર લિટરની કેપેસિટીના ચાર ટાંકા બનાવી ૧ લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ થાય છે, જેનો ૯૦૦ વિદ્યાર્થીઓ ૮ મહિના સુધી લાભ લઈ શકે છે. તક્ષશિલા સ્કૂલે સામાન્ય ખર્ચમાં જ વરસાદી પાણીના સંગ્રહની સુવિધા વિકસાવી અન્ય શાળાઓને પણ આ દિશામાં આગળ વધવા રાહ ચીધી છે.

તક્ષશીલા સ્કૂલના શિક્ષક પુનિત ઠક્કરે આ પ્રોજેક્ટ વિશે વાત કરતા જણાવ્યું કે, વરસાદી પાણીના સંગ્રહ માટે સ્કૂલની આસપાસ ૪ ટાંકા તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં સંગ્રહ થયેલા વરસાદી પાણીનો અમે પીવામાં ઉપયોગ કરીએ છીએ. આ ૪ ટાંકા કુલ ૧ લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ કરી શકે છે, એક ટાંકાની કેપેસિટી ૨૫ હજાર લિટરની છે. જૂના સમયમાં જે પ્રકારે કેપ્સૂલ આકારના બાયોગેસ પ્લાન્ટ તૈયાર થતા તેને કદાચ આપણે યાદ કરીએ તો તે પ્રકારના ટાંકા બનાવવામાં આવ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું કે, અમે કેળવણીના ક્ષેત્રમાં હોવાના કારણે અલગ-અલગ જગ્યાએ મુલાકાત લેવાનું થાય તો ચોટીલાથી નજીક ઢેઢુકી નામનું એક ગામ છે.ત્યાં ખૂબ જ સુંદર કામ થઈ રહ્યું છે. લોકમિત્રા ઢેઢુકી એક ટ્રસ્ટ છે જેમાં ચૈતન્ય ભટ્ટ અને તેની ટીમ દ્વારા આસપાસના ૧૦ ગામોમાં આ પ્રકારે પાણીના ટાંકા જોવાના થયા કે જ્યા વરસાદી પાણીનો સંગ્રહ થાય છે. ત્યાં પાણીની ખૂબ જ તંગી છે જેના કારણે ત્યા આ પ્રકારે પાણીની સમસ્યાનું સમાધાન લાવવામાં આવેલુ છે અને ત્યાંથી અમને આ મેસેજ મળ્યો કે આ પ્રકારે ટાંકા તૈયાર કરીને પીવાનું પાણી તૈયાર કરી શકીએ.

# ગુજરાતમાં નવી રાજનીતિની શરૂઆત : આપ દ્વારા ૪૬૦થી વધુ ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર

### બાપ-બેટાની રાજનીતિનો અંત, આપએ સામાન્ય લોકોને આપી ઉમેદવારી : ઇસુદાન ગઢવી

**અમદાવાદ,તા.૨૪**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપ્ન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારું સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં ૪૬૦થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે.

AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. ૪૬૦થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ ૪૬૦થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ-ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા અને પ્રાર્થના કરું છું.

# જાનકી રેસીડેન્સીમાં મેઈન્ટેન્સ મુદ્દે વિવાદમાં હથોડાથી હુમલો

### ડોક્ટર સહિત ત્રણ વિરૂદ્ધ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૪**

"જહાંગીરપુરા કેનાલ રોડ પર આવેલી જાનકી રેસીડેન્સીમાં ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન કરવા અંગે રેસીડેન્સીના રહીશો વચ્ચે ચાલતી ચર્ચા દરમિયાન મેઈન્ટેનન્સ અંગે વિવાદ ઉભો કરી ડોક્ટર સહિત ત્રણ જણાએ હથોડાથી એક યુવક પર હુમલો કરી દેતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. આ મામલે ઈજાગ્રસ્ત ચિરાગ કાંતીલાલ કોસંબિયાએ ડોક્ટર સહિત ત્રણ જણા વિરૂધ્ધ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. "પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગત અનુસાર ગઇ તા.૨૨ માર્ચ રવિવારની રાત્રે ચિરાગ કોસંબિયા જાનકી રેસીડેન્સીની બિલ્ડીંગ નં.બી-૫ અને બી-૬ પાસે મિત્રો સાથે ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન અંગે વાત કરી રહ્યો હતો ત્યારે જાનકી રેસીડેન્સીમાં રહેતા ભરત સુરતીએ ચિરાગ કોસંબીયા સામે વાંધો લઇ હિરેન બરોડીયા અને ડો.વિપુલ બરોડીયાને બોલાવી ચિરાગ કોસંબીયા પર હુમલો કરી દીધો હતો. હથોડા વડે ચિરાગ કોસંબિયા પર હુમલો કરાયો હોય સોસાયટીના અન્ય રહીશો ઝઘડો છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. ચિરાગ કોસંબીયાના ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. "આ મામલે જહાંગીરપુરા પોલીસ મથકે ભરત સુરતી, હિરેન બરોડીયા અને ડોક્ટર વિપુલ બરોડીયા વિરૂધ્ધ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# સુરત શહેર પોલીસના ડીસીપી ઝોન-૦૪ દ્વારા લોન મેળો યોજાયો



**સુરત,તા.૨૪**

સુરત શહેર પોલીસના ડીસીપી ઝોન-૦૪ દ્વારા "વ્યાજખોર નાબુદી અભિયાન અને લોન મેળો-૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ લોકોને વ્યાજખોરોના ચંગુલમાંથી મુક્ત કરી સસ્તા વ્યાજે બેંક લોન ઉપલબ્ધ કરાવવાનો છે.

આ લોન મેળામાં ૧૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ રૂપિયા સુધીની લોન સરળ પ્રક્રિયા દ્વારા આપવામાં આવશે. ઉમરા, અઠવાલાઈન્સ, ખટોદરા, વેસુ, પાંડેસરા અને અલથાણ વિસ્તારોના નાગરિકોને ખાસ લાભ મળશે. રસ ધરાવતા લોકોએ પોતાના વિસ્તારના પોલીસ ઈન્સ્પેક્ટરનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

કાર્યક્રમ ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે પોલીસ કોમ્યુનિટી હોલ, પોલીસ હેડક્વાર્ટર, અઠવાલાઈન્સ, સુરતમાં યોજાશે. આ અભિયાનથી લોકોમાં જાગૃતિ ફેલાશે અને તેઓ આર્થિક રીતે મજબૂત બનશે.

# બાર કાઉન્સીલની ચૂંટણીમાં સુરતના વકીલોનો ડંકો સાંજે ઢોલ-નગારા સાથે નીકળશે ભવ્ય વિજય સરઘસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૪**

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં સુરત જિલ્લા વકીલ મંડળના ઉમેદવારોએ ઐતિહાસિક જીત હાંસલ કરી સુરતનું ગૌરવ વધાર્યું છે. આ ચૂંટણીમાં ભાવેશ રબારી, હિતેશ પટેલ, ઝકી શેખ, હરેશ નાકરાણી, પ્રીતિ જોષી અને હિરલ પાનવાલાએ શાનદાર વિજય મેળવ્યો છે.

આ ભવ્ય સફળતાની ઉજવણી કરવા માટે સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા આજે, ૨૪ માર્ચ ૨૦૨૬ (મંગળવાર) ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે એક ભવ્ય વિજય સરઘસનું આયોજન કરવામાં આવ્યું છે. આ સરઘસ સુરત જિલ્લા ન્યાયાલય સંકુલ સ્થિત 'ખોડીયાર માતાના મંદિર' થી પ્રારંભ થઈ ઢોલ-નગારાના નાદ સાથે સુરત કલેક્ટર કચેરી સુધી જશે.

મંડળ દ્વારા તમામ વકીલ મિત્રોને આ ઐતિહાસિક વિજયના સાક્ષી બનવા અને વકીલ એકતા દર્શાવવા માટે મોટી સંખ્યામાં હાજર રહેવા ખાસ આમંત્રણ અપાયું છે. આ વિજય ઉત્સવ સુરતના કાયદાકીય ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચશે.

### કોલંબિયામાં વાયુસેનાનું

પહેલા પાનાનું ચાલુ

અને એન્ટી-ડ્રોન સિસ્ટમ તાત્કાલિક ખરીદવા જોઈએ, જેથી જવાનોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

C-૧૩૦ હર્ક્યુલસ વિશ્વના સૌથી ભરોસાપાત્ર સૈન્ય પરિવહન વિમાનોમાંનું એક છે, જેનો ઉપયોગ સૈનિકો, હથિયારો અને રાહત સામગ્રી પહોંચાડવા માટે થાય છે.આ વિમાન મુશ્કેલ અને કાચા રનવે પર પણ ઉતરી શકે છે. તે એક વખતમાં ભારે સામાન, હેલિકોપ્ટર, બખ્તરબંધ ગાડીઓ અને મોટી માત્રામાં રાહત સામગ્રી લઈ જઈ શકે છે.તેનો ઉપયોગ મેડિકલ ઈમરજન્સી, કુદરતી આફત રાહત, આગ બુઝાવવા અને હવામાનની માહિતી એકત્ર કરવા જેવા કાર્યોમાં પણ થાય છે. ઝ-૧૩૦ હર્ક્યુલસ એક વખતમાં લગભગ ૪૨,૦૦૦ પાઉન્ડ (લગભગ ૧૯,૦૦૦ કિલોગ્રામ) સુધીનું વજન એરડ્રોપ કરી શકે છે.

### યુદ્ધ વિરામના દાવા

પહેલા પાનાનું ચાલુ

૪૮ કલાકમાં ખુલ્લો કરવા જે ચેતવણી આપી હતી તે પુરી થાય તે પહેલા પાંચ દિવસનું યુધ્ધવિરામ જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા પણ ઈરાને જાહેર કર્યુ છે કે ટ્રમ્પે જે શાંતિ વાર્તાનો દાવો કર્યો છે .

તે બનાવટી દાવો છે અને ઈરાન તથા ઈઝરાયલના હુમલા યથાવત રહ્યા છે. ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુધ્ધમાં અમેરિકાએ ઈરાન પર અંદાજે ૯૦૦૦ જેટલા હવાઈ હુમલા કર્યા છે તો ઈઝરાયલ પણ હવે ઈરાનના ગેસ મથકોને નિશાન બનાવતા ઈરાને પણ વળતો આ જ પ્રકારે ઉર્જા સ્થાનોને તબાહ કરવાની જાહેરાત કરી છે. ઈરાનના એક સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે, ઉર્જા માળખા ઉપર હુમલા એ ગલ્ફના દેશો માટે મુશ્કેલી સર્જશે. ઈરાને કુવૈત ઉપર પર હુમલા ચાલુ રાખ્યા હતા અને તેના કારણે હવે આ યુધ્ધ વિરામ ખરેખર કેટલા કલાક ટકશે તે પણ પ્રશ્ન છે.

### વળતર ન મળે ત્યાં સુધી

પહેલા પાનાનું ચાલુ

નાશ કરવાનું છે. પરંતુ આ યુદ્ધ ક્યારે સમાપ્ત થશે તે વિશે તેમણે કંઈ સ્પષ્ટ કહ્યું નથી.

સરકારની અંદર પણ આ મુદ્દે સંપૂર્ણ સહમતિ નથી. ટ્રમ્પે સ્વીકાર્યું કે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ આ નિર્ણયથી સંપૂર્ણપણે ખુશ ન હતા, પરંતુ તેમણે ખુલ્લો વિરોધ પણ કર્યો ન હતો. જ્યારે કેટલાક અધિકારીઓએ યુદ્ધનું સમર્થન કર્યું, તો કેટલાક તેની વિરુદ્ધ હતા. આ દરમિયાન એક મોટા અધિકારીએ રાજીનામું પણ આપી દીધું.

### બ્રિટનના યુદ્ધ જહાજ

પહેલા પાનાનું ચાલુ

આમ મધ્ય પૂર્વમાં તનાવ વ્યાપક છે. ઓમાને પણ તેના રાજધાની મસ્કતમાં અમેરિકી દુતાવાસના શરણ નિર્દેશને હટાવી દીધો છે અને અહી રહેતા અમેરિકા દુતાવાસના કર્મચારીને ૫૦ કિ.મી.ના એરીયામાં જ આવાગમનની છુટ આપી છે તથા તેઓને યુધ્ધ સંબંધી કોઈપણ કાર્યવાહીમાં ભાગ ન લેવા જણાવ્યું છે. બીજી તરફ ઈરાને ચેતવણી આપતા કહ્યું હતું કે જો અમારા પર દબાણ વધારાશે તો અમે પર્સીયન ગલ્ફમાં પણ સમુદ્રી સુરંગ બિછાવી દીશુ અને તે રીતે તમામ સમુદ્રી માર્ગો બંધ થઈ જાય તે નિશ્ચિત કરી દેશું. ઈરાને પોતાના લક્ષ્યોની એક યાદી પણ જાહેર કરી છે .

જેમાં બરાકાહ જે ઈઝરાયલનો મહત્વપૂર્ણ એટમી પ્લાન્ટ છે તેને પણ નિશાન બનાવાની ચેતવણી આપી છે. આ દરમ્યાન સાઉદી અરેબીયા અને યુએઇ પણ હવે યુધ્ધની તૈયારીમાં વ્યસ્ત થઇ ગયા છે. પર્સીયલ ગલ્ફ વિસ્તારમાં તેઓ ઈરાન સામે ઝુકાવે તો આશ્ચર્ય થશે નહીં. જોકે આ બંને દેશોએ ફક્ત અમેરિકી દળો માટે એક સહાયતાના રૂપમાં કામ કરવાની તૈયારી કરી છે. રીયાધ ખાતેના અમેરિકી દળોના કિંગ ફહાદ એરબેઝમાં સાઉદી વિમાનો પણ તૈનાત થયા છે. આમ મધ્ય પૂર્વમાં તનાવ હજુ યથાવત છે.

### ગુજરાત વિધાનસભામાં

પહેલા પાનાનું ચાલુ

આજે ગૃહમાં નાયબ મુખ્યમંત્રી યુસીસી બિલ રજૂ કરશે. બપોરે ૧૨ વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થશે. બપોરે બે વાગ્યાની આસપાસ યુસીસી વિધેયક રજૂ કરાશે. પ્રથમ ૬૦ મિનિટ સુધી પ્રશ્નોત્તરી કાળ રહેશે. ગૃહમાં ૧૦ વિભાગના પ્રશ્નો પર ચર્ચાઓ કરાશે. જ્યારે ૧૧ બોર્ડ કોર્પોરેશનના અહેવાલો પર રજૂ થશે. ગૃહમાં કૂલ ત્રણ સરકારી વિધેયક પર ચર્ચા અને મતદાન થશે. પર્યાવરણ સંરક્ષણ અંગે સંકલ્પ રજૂ થશે.

### પૂર્વ ઝોનના

પેજ-૨ પાનાનું ચાલુ

આવેલ, જેમને નોટીસ આપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. નોટીસ આપ્યા પછી પણ ખુલ્લા પ્લોટોમાં રહેલ ખામીઓ દુર કરવામાં નહી આવે તો ભવિષ્યમાં દંડનીય કાર્યવાહી કરવામાં આવનાર છે.

વધુમાં અત્રેના ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ કંરજ ખાતે સુએજ પંપના હોજમાં, રેલ્વે કોલોની, જવેરચંદ મેઘાણી ગાર્ડન, એસ.ટી બસ ડેપોમાં ચાલી રહેલ બાંધકામ ખાતે હોજમાં જેવા જુદા જુદા વિસ્તારમાં ફીસ રીલીશની કામગીરી કરવામાં આવેલ.

માન. કમિશનર સાહેબશ્રીની સુચના અન્વયે અલગ અલગ વિસ્તારોમાં રોજે રોજ સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપવામાં આવેલ જે અંતર્ગત આઈ.એફ.એમ. માર્કેટ પુણા ગામ, મોડન ટાઉન સારોલી, કાંગારુ સર્કલ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ જેમાં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા જાહેર જનતાને આરોગ્ય શિક્ષણ આપવા માટે ઈઝ નું આયોજન કરવામાં આવેલ.

### કતારગામ ઝોન

પેજ-૨ પાનાનું ચાલુ

સુપરવાઈઝરી સ્ટાફ, ૧૧૮ સફાઈ કામદારો, ૧૫ એનજીઓ અને ૨૮૬૦ જેટલા કુલ નાગરિક ભાગીદારો હાજર રહેલ હતા. જે અંતર્ગત ૮૦ સંસ્થાઓ ચેક કરી સેગ્રીગેશન ન કરૈતી સંસ્થા તેમજ લાયસન્સ ન રાખતા ઈસમો વિરુધ્ધ કાર્યવાહી કરી ૪૫ ઈસમ, ૩૨ કિ.ગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક, ૧૩ કિ.ગ્રા અખાદ્યપદાર્થનો નાશ કરેલ અને ૫૩,૦૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે તેમજ ૩૫ સંસ્થાઓને ગંદકી બદલ નોટીસ આપવામા આવેલ છે. આ ઉપરાંત એનજીઓ/શૈક્ષણીક સંસ્થાની ની ટીમો મોટી સંખ્યામાં જોડી લોકોને વેસ્ટ સેગ્રીગેશન અને સુકો-ભીનો કચરો અલગ પાડવાની સમજણ અને જન-જાગૃતિ અભિયાન કરવામાં આવેલ. આ ઉપરાંત વી.બી.ડી.સી વિભાગ ધ્વારા પણ ડેન્ગ્યુ, મલેરિયા અંગે સમજણ આપેલ તેમજ વાહક જન્ય રોગ નિયત્રણ અંગેની IEC કરવામાં આવેલ છે.

### રોટરી યુથ

પેજ-૨ પાનાનું ચાલુ

આવી હતી, જેને તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મહેમાનો દ્વારા ખુબ જ પ્રશંસા પ્રાપ્ત થઈ હતી.ખાસ કરીને બપોરના જમવાના આયોજનમાં રોટરીયન ધર્મેન્દ્રભાઈ શાહનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું, જેના કારણે સમગ્ર વ્યવસ્થા વધુ સફળ બની હતી.સમગ્ર આયોજન ખૂબ જ વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને પ્રભાવશાળી રીતે પૂર્ણ થયું હતું.

### આજે તા. ૨૪ માર્ચ-

પેજ-૨ પાનાનું ચાલુ

આ વિષયમાં વધુ જણાવતાં ડો.દિનેશે જણાવ્યું કે, ટીબી ગ્રસ્ત દર્દીઓની સારવાર પહેલા તે સામાન્ય કે અતિ સંક્રમણ ધરાવે છે તેનું નિદાન કરવામાં આવે છે. અને તે અનુસાર તેમણે ૬ મહિના કે તેથી વધુની સારવાર આપવામાં આવે છે.

વધુમાં તેમણે કહ્યું કે, ટીબી નાબુદી માટે સુરત જિલ્લામાં કાર્યરત વિશેષ અભિયાનોમાં 'ટીબી મુક્ત પંચાયત'માં કુલ ૧૨૦ પંચાયતોનો સમાવેશ થાય છે. જેમાં ૧ વર્ષથી વધુ ટીબી મુક્ત એટલે કે બ્રોન્ઝ શ્રેણીમાં ૮૩, ૨ વર્ષથી વધુ ટીબી મુક્ત, સિલ્વર શ્રેણીમાં ૩૦ અને ૩ વર્ષથી વધુ સમયથી ટીબી મુક્ત પંચાયતોમાં કુલ ૭ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્ય સહિત સુરત જિલ્લામાં ટીબી(ક્ષય) ના દર્દીઓને નિક્ષય પોષણ યોજના હેઠળ પૌષ્ટિક આહાર માટે દર મહિને ?૧૦૦૦ની આર્થિક સહાય સીધી બેંક ખાતામાં(DBT) આપવામાં આવે છે. આ સહાય સારવાર પૂર્ણ ન થાય ત્યાં સુધી મળે છે. ઉપરાંત ટીબીનું નિદાન અને દવાની સારવાર સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

### ઓલપાડ તાલુકામાં

પેજ-૨ પાનાનું ચાલુ

ગુજરાતના પૂર્વ મંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના બે ગામોને જોડતા પાકા ડામર રોડ માટે સરકારના માર્ગ અને મકાન વિભાગ માંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજુર કરાવી છે.જેના પગલે તાલુકા માં અનેક ગામોની ખેતરાંડી સીમમાં પાકા ડામર રોડ તો બન્યા પરંતુ કેટલાક ખાઈબડેલા રોડ કોન્ટ્રાકટરોએ અધિકારીઓના મેળાપીપણામાં અનેક રસ્તાઓની બંન્ને બાજુની સાઈડ સોલ્ડરિંગની કામગીરીમાં બે ફૂટની જગ્યામાં હાર્મોરમ પુરવાના બદલે બાજુની ગટરમાંથી માટી પુરાણ કરવામાં આવેલ છે.જયારે ઘણા રસ્તાઓ ઉપર હજુપણ આ કામ અધૂરૂ હોવાથી વાહનોની અવર- જવરથી લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ આ રોડ તૂટી રહ્યા છે.જો કે આ બાબત ધારાસભ્ય મુકેશ પટેલના ધ્યાન ઉપર આવતા ગત રવિવારે ધારાસભ્યએ તાલુકાના સેગવાછામા ગામથી કુંકણી સુધી બનેલ પાકા ડામર રોડની વિઝીટ કરી હતી.આ વિઝીટ દરમ્યાન જણાયું હતું કે, કોન્ટ્રાકટર દ્વારા આ રોડની બંન્ને બાજુની સાઈડ સોલ્ડરિંગની કામગીરીમાં હાર્મોરમ પુરવાના બદલે બાજુની ગટરમાંથી જ માટી પુરવામાં આવી રહી હતી.જેથી તેમણે સ્થળ પરથી જ સુ.જિ.પં.ના માર્ગ અને મકાન વિભાગના સબંધિત અધિકારીનો મોબાઈલ ફોનથી સંપર્ક કરી કામની સાઈડ વિઝીટ કરવા તતડાવ્યા હતાં.ધારાસભ્યએ આ રોડ ઉપરાંત તાલુકામાં બનેલ નવનિર્મિત બીજા રસ્તાઓની સાઈડ સોલ્ડરિંગમાં જો માટી પુરાણ કરેલ હોય તો તાકીદે દુર કરાવી હાર્મોરમ પુરારવા અને જ્યાં સુધી સંપૂર્ણ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ કોન્ટ્રાકટરોને પેમેન્ટ ન કરવા કડક સુચના આપી હતી.જો કે તાલુકાની પ્રજા ધારાસભ્ય પાસેએ પણ અપેક્ષા રાખી રહી છે કે,આ અગાઉ તાલુકામાં બનેલ અનેક રસ્તાઓની

સાઈડ સોલ્ડરિંગમાં નજીવી માટીનું પુરાણ અને આ કામનું કચેરી દ્વારા પેમેન્ટ પણ કરી દેવામાં આવ્યું હોવાની ગુલબાંગો પોકારી રહી છે.જેથી ધારાસભ્ય આ બાબતે તપાસ કરાવી કોન્ટ્રાકટરો અને અધિકારીઓ ને સુચના આપી હાર્મોરમ પુરારવાની કાર્યવાહી કરાવે તેવી માંગ પ્રબર બની છે.

### છેલ્લા પાનાનું ચાલુ

### પેટ્રોલ ડિઝલની

રહીને પેનિક ના કરો. કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત સજાગ છે. રાજ્યમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કોઈને તકલીફ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર ધ્યાન આપે છે.

બીજી તરફ પુરવઠા વિભાગે કરેલા પરિપત્ર પ્રમાણે હાલમાં સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમો દ્વારા ફેલાતી અફવાઓથી રાજ્યમાં કોઈ કોઈ સ્થળોએ પેટ્રોલ અને ડીઝલનું પેનિક બાઈંગ શરૂ થયું છે. ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. રાજ્યના તમામ મુખ્ય ડેપો અને રિફાઇનરીઓ દ્વારા પેટ્રોલ પંપો પર નિયમિત રીતે ઈંધણ પહોંચાડવામાં આવી રહ્યું છે. પરંતુ સાંપ્રત પરિસ્થિતિમાં પેટ્રોલ પંપ પરથી વેચાણ કરવામાં આવતાં પેટ્રોલ તથા ડીઝલનો જથ્થો ખોટી રીતે સંગ્રહ ના થાય તે માટે સૂચનાઓ પરિપત્રીત કરવામાં આવે છે.

રાજયના દરેક પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ તથા ડીઝલનું વેંચાણ માત્ર વાહનોની ટાંકીઓમાં ભરવા પૂરતું જ સિમિત કરવામાં આવે છે. તે સિવાયના કોઈપણ પાત્ર કે બેરલમાં પેટ્રોલ તથા ડીઝલનું વેંચાણ કરી શકાશે નહી. જો કોઈ વિક્રેતા કૃત્રિમ અછત ઊભી કરવાનો પ્રયાસ કરશે અથવા સંગ્રહખોરી કરશે, તો તેમની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ની જોગવાઈઓ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### દુકાન ચલાવવી

પણ આપવા પડશે. નહિતર દુકાન પર GST રેઈડ કરાવી દુકાન બંધ કરાવી ખોટા કેસમાં ફસાવી દેશે તેવી ધમકી આપી હતી.

આ ઉપરાંત આરોપીઓએ ફરિયાદીને બે તમાચા મારી, દુકાનમાં રહેલ ટાઈલ્સનો ટુકડો તોડી ગળા પર મુકીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ રીતે ડરાવી ધમકાવી ફરિયાદી પાસેથી રૂ. ૧,૦૦,૦૦૦ જેટલી રોકડ રકમ પડાવી લીધી હોવાનું જણાવાયું છે તેમજ બીલનું બાકી પેમેન્ટ પણ આપ્યું નથી.

આ બનાવ અંગે તા. ૨૩ માર્ચ ૨૦૨૬ ના રોજ રાત્રે પોલીસમાં ગુનો નોંધાયોછે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૨૪ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પેટ્રોલ પંપો પર વાહન ચાલકોની લાંબી લાઈનો યથાવત

## પેટ્રોલ-ડિઝલની સપ્લાઈ ચેઈન ખોટકાતા પેટ્રોલની અછતની અફવામાં પ્રેરાયેલા વાહનચાલકો ટાંકી ફૂલ કરાવવા ઉમટી પડ્યાં : પેટ્રોલ-ડિઝલનો જથ્થો પર્યાપ્ત માત્રામાં મળતો હોવાનો પેટ્રોલ પંપ એસો.ના પ્રમુખ બચુભાઈ દેસાઈનો દાવો



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**

શહેરીજનો વાહનોની ટાંકી ફુલ કરાવવા માટે પેટ્રોલની અછત હોવાની અફવા વચ્ચે લાંબી લાઈનો લગાવી રહ્યા છે ત્યારે ગઈકાલે મોડી સાંજથી આ સ્થિતિ શહેરમાં સર્જાઇ હતી. શહેરના અલગ-અલગ પેટ્રોલ પંપો પર લાંબી કતારોમાં વાહનો ગોઠવાયેલા દેખાયા હતા. જોકે આજે સવારથી સ્થિતિ સામાન્ય થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. લોકોમાં પેટ્રોલિયમ પેદાશોની આયાત ઓછી થઈ રહી હોવાની અને યુદ્ધને પગલે પેટ્રોના ભાવ વધવા સાથે ખુટી પડવાની દહેશતને પગલે લોકો વાહનોની ટાંકી ફુલ કરાવવા માટે સવારથી લાઇનમાં ગોઠવાઇ રહ્યા છે.

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની અસર ભારત પર પણ વર્તાઈ છે. છેલ્લા મહિના ઉપરાંતથી ચાલતા યુદ્ધને પગલે હોર્મુઝની સામુદ્રધુની જે ઈરાનની નજીક છે ત્યાંથી આવતા જહાજો જે પેટ્રોલિયમ પેદાશો લઈને ભારત સહિત એશિયાના અલગ-અલગ દેશોમાં પહોંચે છે તેમને પણ નિશાન બનાવાયા હોય યુદ્ધને પગલે લોકોમાં પેટ્રોલ ખુટી પડવાનો ભય ઉભો થવા સાથે કેટલીક અફવાઓને પગલે સુરત શહેરમાં ગઈકાલે પેટ્રોલ પંપો પર લાંબી કતારો લાગવાનું શરૂ થઈ ગયું હતું. ડેપ્યુટી સીએ હર્ષ સંઘવી સ્થિતિ જોતા એક નિવેદન પણ આપ્યું હતું અને તેમા પુરતા પ્રમાણમાં ઈંધણનો પુરવઠો ઉપ્લબ્ધ હોવાનું તેમજ નાગરીકોને ખોટી અફવા કે ભય ન ફેલાવા અપીલ કરી હતી. દરમિયાન આજે સવારે સુરત શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફરીથી વાહન ચાલકોની ટાંકી ફુલ કરાવવા માટે લાઈનો લાગી હતી.

### શનિવારે ડેપો જલદી બંધ કરી દેતા સપ્લાઈમાં વિલંબ

સુરત પેટ્રોલ એસોસિએશનના આગેવાન અને અઠવા ગેટ ખાતે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન (પેટ્રોલ પંપ)નું સંચાલન કરતા બચુકાકા દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પુરતો પેટ્રોલ ડિઝલનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે અને નાગરીકોને ખોટુ પેનિક નહીં ઉભું કરવા પણ અપીલ કરી છે. બીજી તરફ ગત શનિવારે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડ (આઈઓસીએલ)ને બાદ કરતા બીપીસીએલ અને એચપીસીએલના ડેપો સાંજે પાંચ વાગ્યે બંધ થઈ જતા સપ્લાય ચેઈન પર તેની થોડી અસર પડી હતી. યુદ્ધની સ્થિતિ વચ્ચે લોકોમાં ગલ્ફથી આવતા પેટ્રોલિયમ પેદાશોની શોર્ટેજ હોવાની વાતો વહેતી થતા શહેરમાં પેટ્રોલ પંપો પર લાઈનો લાગી રહી છે. જોકે સ્થિતિ આજે સવારથી સામાન્ય થઈ રહી છે. જોકે હજી પણ લોકો અફવાના જોરે પેટ્રોલ પંપ પર લાગી કતારો લગાવી રહયા છે. મારી પણ લોકોને અપીલ છે કે ખોટુ પેનિક ઉભું ન કરે.

### જામનગરના ડેપોમાં માલ ભરવામાં પણ લાંબી લાઈન

યુધ્ધને પગલે રાંધણ ગેસ અને ફયુલમાં અછત ઉભી થવા સાથે કેટલીક જગ્યાઓએ પુરવઠાની ઘટ સામે અફવા વધુ ફેલાતા લોકો ભયભીત થયા છે ત્યારે સુરત શહેરમાં પણ ગઈકાલ સાંજથી આવી સ્થિતિ જોવા મળી હતી. પેટ્રોલના ભાવ વધવા સાથે પેટ્રોલ પંપો બંધ થવાની અફવાઓને પગલે લોકોની લાંબી કતારો લાગી હતી. સુરત પેટ્રોલ એસોસિએશનના આગેવાનોના જણાવ્યા અનુસાર જામનગરથી આવતા નાયરા અને જીઓ-બીપી ફયુલની સપ્લાય ચેઈન બાધિત થતા શહેરના નાયરા અને જીઓ-બીપી પંપો પર પણ વાહન ચાલકોની કતારો લાગી હતી.ભાવનગર સ્થિત ડેપોમાં ટેન્કરોએ બે બે દિવસ કતારમાં ઊભા રહેવું પડતુ હોવાની પણ ફરિયાદ ઉઠી છે.

# પેટ્રોલ-ડિઝલની કોઈ અછત સર્જાઈ નથી : ભૂપેન્દ્રભાઈ પટેલ

## કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત સજાગ છે,ખોટી ઓફવામાં નહીં પ્રેરાવા મુખ્યમંત્રીની જનતાને અપીલ

**ગાંધીનગર, તા. ૨૪**

સરકાર અને તંત્ર દ્વારા લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ખોટી અફવાઓના ડરથી પેનીક થવું નહી. બીજી તરફ પુરવઠા અધિકારીએ દરેક જિલ્લાને એક પત્ર લખીને સંગ્રહખોરી સામે એક્શન લેવા આદેશ કર્યો છે.

ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની અછતની અફવાઓ શરૂ થતાં જ લોકોમાં ભારે પેનિક થયો હતો. ગઈકાલથી જ સમગ્ર રાજ્યમાં પેટ્રોલ પંપો પર પેટ્રોલ ભરાવા માટે લોકોની ભારે લાઈનો લાગી હતી.



સરકાર અને તંત્ર દ્વારા લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ખોટી અફવાઓના ડરથી પેનીક થવું નહીં. બીજી તરફ પુરવઠા અધિકારીએ દરેક જિલ્લાને એક પત્ર લખીને સંગ્રહખોરી સામે એક્શન લેવા આદેશ કર્યો છે. બીજી તરફ મુખ્યમંત્રીએ પણ લોકોને અપીલ કરી છે.

પેટ્રોલ અને ડીઝલની અછતની ખોટી અફવાઓમાં આવીને લોકો પેટ્રોલ પંપ પર લાઈનો લગાવી રહ્યાં છે. તેવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, વૈશ્વિક સ્થિતિ કેવી છે તે સૌ લોકો જાણે છે. આવી સ્થિતિમાં આપણે બધાએ સાથી મળીને રહીએ. ખોટી અફવાઓથી દૂર રહેવું જોઈએ. રાજયમાં પેટ્રોલ ડીઝલ કે ગેસની કોઈ અછત નથી. પેટ્રોલ પંપ પર લાઈનોમાં ઉભા

અનુસંધાન પાના ૭ પર

# ઉર્જા સંકટને પગલે ડાઈંગ-પ્રોસેસ હાઉસો સપ્તાહમાં બે દિવસ બંધ

## ૪૦૦ જેટલી મીલોમાં ઉત્પાદન કાપ મૂકવા પ્રોસેસર્સ એસો.નો નિર્ણય

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**

યુદ્ધની સ્થિતિ વચ્ચે શહેરની પ્રોસેસિંગ મીલો પર પણ સંકટના વાદળો ઘેરાઇ ગયા છે. દરમિયાન કોલસા, ગેસ, વીજ પુરવઠો, કલર કેમિકલનો ખર્ચ પ્રોસેસિંગ યુનિટોને પરવડે તેમ ન હોય હાલની સ્થિતિ જોતા અઠવાડીયામાં બે દિવસ શહેરની અંદાજે ૪૦૦થી વધુ પ્રોસેસિંગ અને પ્રિન્ટીંગ મીલોએ કામકાજ બંધ રાખવાનો ગઈકાલે નિર્ણય લીધો છે.

સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ જિતેન્દ્રભાઇ વખારીયા, પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ કમલવિજય તુલસ્યાન, તેમજ ઉદ્યોગ આગેવાન પ્રમોદ ચૌધરી, વિનય અગ્રવાલ, જે.પી.અગ્રવાલ, અનિલ રાઠી સહિતના સભ્યોની ઉપસ્થિતિમાં ગઈકાલે એસજીપીટીની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમત્તે ઉદ્યોગકારોનું હીત જોતા હાલની પરિસ્થિતિમાં મીલો અઠવાડીયમાં બે દિવસ અલ્ટર્નેટિવ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે યુદ્ધ પહેલા કાચા માલમાં થયેલા ભાવ વધારા તેમજ ગેસ, વીજળી કલર, કેમીકલના ભાવો પણ વધતા પ્રોસેસ અને પ્રિન્ટીંગ મીલો પર તેની અસર વર્તાવા લાગી છે. જેને પગલે અઠવાડીયામાં બે દિવસ પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલ્સાયન અને સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસો.ના પ્રમુખ જીતેન્દ્ર વખારીયા દ્વારા અઠવાડીયામાં બે દિવસ મીલો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# લિંબાયતમાં મહિલાના ઘરમાં ઘૂસી ધમકી આપી તોડફોડ

## ઘરની બહાર મુકેલી મોપેડ અને સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**

શહેરના લિંબાયત વિસ્તારમાં એક મહિલાને ધમકી આપવાનો અને તોડફોડ કરવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે શેહનાઝ મોહમદ શાકીર અંસારી (ઉંમર ૪૩ વર્ષ), રહેતા પતરાની ચાલ, મીઠીખાડી, લિંબાયત વિસ્તારમાંથી લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ તા. ૨૨ માર્ચ ૨૦૨૬ ના રાત્રે અંદાજે ૨૧:૦૦ વાગ્યાથી તા. ૨૩ માર્ચ ૨૦૨૬ ના સવારે ૦૫:૦૦ વાગ્યા દરમિયાન આરોપી રીતીક સંતોષ પીપળી, રહે. સપના પાન સેન્ટરની ગલી, લિંબાયત, ફરિયાદીના ઘરે આવ્યો હતો. આ દરમિયાન તેણે ફરિયાદી અને તેની દીકરી અરબીનાને મા-બેન સમાની ગાળો આપી ઉશ્કેરાટભર્યો વર્તન કર્યો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીએ "તુ મેરે ઔર સહનાઝ કે બીચ મે મત આ, નહિ તો તુઝે જાન સે માર દુંગા" કહીને જીવથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેણે ફરિયાદીના ઘરની બહાર રાખેલી મોપેડ તેમજ સીસીટીવી કેમેરાની તોડફોડ કરી અંદાજે રૂ. ૫,૦૦૦ જેટલું નુકસાન પહોંચાડ્યું હતું.

આ ઘટના લિંબાયતના મીઠીખાડી વિસ્તારમાં જાહેરમાં બની હોવાનું જણાવાયું છે. બનાવ અંગે તા. ૨૩ માર્ચ ૨૦૨૬ ના રોજ રાત્રે પોલીસમાં ગુનો નોંધાયો છે.

પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# દુકાન ચલાવવી હોય તો પેમેન્ટ ભૂલી જવા ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૪**

સુરત શહેરના લાલગેટ વિસ્તારમાં વેપારીને ધમકી આપી રૂપિયા પડાવવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ અંગે મુનીરઅહેમદ ગુલામમોયુદ્દીન મનસુરી, રહે. ચીનીવાલા પોળ, મુગલીસરા મેઈન રોડ, લાલગેટ, સુરત દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદ મુજબ આરોપીઓ મો. શાકિબ મુનાફ ઝરીવાલા અને મુનાફભાઈ ઝરીવાલા, રહે. કોહીનુર એપાર્ટમેન્ટ, ભારબાન વાડ, કાશકીવાડ, લાલગેટ, સુરત, દ્વારા તા. ૧૨ મે ૨૦૨૫ થી તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ફરિયાદીના દુકાન પર આવી ધમકી આપી હતી.

ફરિયાદમાં જણાવાયું છે કે આરોપીઓએ ફરિયાદીને કહ્યું હતું કે જો દુકાન ચલાવવી હોય તો પેમેન્ટ ભૂલી જવાનું રહેશે તેમજ અન્ય પૈસા

અનુસંધાન પાના ૭ પર